આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૨૫/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૫

સળંગ અંક : ૧૦૨૯

ઓગષ્ટ-૨૦૨૬

## ૭૯મા સ્વાતંત્ર્ય દિવસની હાર્દિક શુભકામનાઓ



**સરસ્વતી વિદ્યામંડળની આગવી પ્રણાલી મુજબ સંસ્થા સંચાલિત પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો ‘સરસ્વતી જ્ઞાનગૌરવ’ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેની લાક્ષણિક તસ્વીરો.**













# ઘરશાળા

વર્ષ : ૮૬ | ઓગસ્ટ ૨૦૨૬ | અંક : ૫ | સળંગ અંક : ૧૦૨૯

## અનુક્રમણિકા


૧. **સંપાદકીય**
જ્યોતીન્દ્રભાઈ દવે ૫

૨. **ભણાવો નહીં, ભણતાં શીખવો!**
ડૉ. રઘુભાઈ નાયક ૭

૩. **ભારે આદરથી લેવાતું બે અક્ષરનું નામ**
ઈશ્વર પરમાર ૧૩


૪. **ત્રણ પુરાતન વટવૃક્ષો**
કાકાસાહેબ કાલેલકર ૨૦

૫. **દેશે આઝાદીના કરેલા વધામણાં**
પાલખીવાલા અમિતા મનુભાઈ ૩૦

૬. **પીડાતાંનો ને પીડાનો પોકાર**
જશવંત રાવલ ૩૪

૭. **'સામયિક સંવાદ' કાર્યક્રમ : PRASAR યોજનાનો પ્રારંભ** ૩૭

૮. **શિક્ષણ સમાચાર**
અશોક સોમપુરા ૩૯

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી
રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે
સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ
ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**
**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :
બેંકનું નામ : બેંક ઑફ બરોડા
ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭
ખાતાનું નામ : ઘરશાળા માસિક
આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP**. (Fifth character is zero)

# સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

## આનું નામ લોકશાહી!

આજના સમયમાં મોંઘવારીએ માઝા મૂકી છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અને પેટ્રોલ ડીઝલના ભાવ વધી ગયા છે. આ ભાવ વધારાથી સામાન્ય પ્રજા ત્રસ્ત છે. ખેડૂતો, નાના-મોટા વેપારીઓ પણ હેરાન છે. દરેક વર્ગની પ્રજા પોતાની ક્ષમતા અને સમજણ પ્રમાણે આનો વિરોધ પણ કરતા હોય છે.

સ્વતંત્રતામાં હક્ક અને જવાબદારી બન્ને છે. પ્રજાને પ્રશ્નો હોય તે સ્વાભાવિક છે. તેને અયોગ્ય લાગે તેવી બાબતોનો વિરોધ કરવો એ દરેક નાગરિકનો હક્ક છે. પરંતુ આ હક્કને જવાબદારીપૂર્વક નિભાવવો એ દરેકની નૈતિક ફરજ છે.

લોકશાહી દેશમાં નાગરિકોએ કોઈપણ પ્રશ્ન અંગે વિરોધ કરતી વખતે કેવો સંયમ જાળવવો તે અંગેની સુંદર ચર્ચા આ લેખમાં કરી છે. આઝાદીના પર્વ નિમિત્તે પ્રજા જ્યારે અનેક પ્રશ્નોથી પીડાય છે, ત્યારે કેવા પ્રકારનો વ્યવહાર ઉચિત ગણાય તે અંગેની વાત કરતો આ લેખ વાચકોને જરૂર ગમશે એવી આશા સાથે.

**– તંત્રી**

પેટ્રોલના ભાવ ખૂબ વધી ગયા ત્યારે તેની સામે ઘણા દેશોમાં વિરોધના દેખાવો થયા. ફ્રાંસના ખેડૂતો પોતાનાં વાહનો લઈને સડકો પર આવી ગયા. ચક્કા જામ થઈ ગયો. ત્યાંની સરકારને તેની સામે નમવું પડ્યું. ખેડૂતોની એ સફળતાની હવા બ્રિટનમાં પહોંચી. ત્યાં પણ ભાવ-વધારાના વિરોધીઓએ પેટ્રોલની રિફાઈનરીઓ ઉપર પિકેટિંગ ગોઠવી દીધું. એવી આડશો ઊભી કરી કે રિફાઈનરીમાંથી ડીઝલ-પેટ્રોલ ભરેલું એક પણ વાહન બહાર નીકળી શકે નહીં. દેશભરના પેટ્રોલ-પંપો પર દુકાળ પડ્યો, વાહનોની કતારો લાગી. અમુક ખાસ જરૂરિયાતવાળાં વાહનોને જ પેટ્રોલ મળશે, એવી સરકારે જાહેરાત કરી. કતારમાં જેનો વારો આવે તે વાહન જો એ મર્યાદામાં ન આવતું હોય તો પંપવાળા તેમ કહે, એટલે બીજી જ ઘડીએ ચાલક પોતાનું વાહન પાછું વાળીને હંકારી જાય. નહીં કાંઈ જીભાજોડી, નહીં બૂમાબૂમ, નહીં ગાળાગાળી.

પણ દિવસો ગયા તેમ એ મર્યાદિત વર્ગનાં વાહનો માટે પણ પેટ્રોલ ખૂટવા માંડ્યું. રિફાઈનરી પર પિકેટરોના જથ્થા અડગ હતા. એમને હટાવવા માટે લશ્કર મોકલવા સિવાય હવે કોઈ ઈલાજ દેખાતો નહોતો. ત્યારે બ્રિટનના પ્રધાનમંત્રી ટોની બ્લેર સૈનિકોને કૂચ કરવાનો હુકમ આપવાને બદલે ટેલિવિઝન પરથી સમસ્ત પ્રજાને સંબોધે છે. સમજાવે છે કે દેશની આરોગ્ય-સેવાઓનું આખું તંત્ર પિકેટિંગને કારણે અટકી પડવાની તૈયારીમાં છે. હજારો-લાખોના જાન જોખમમાં છે. આખું રાષ્ટ્ર વિચારમાં પડી જાય છે. ભાવ-વધારો એકેએક કુટુંબને આકરો લાગે છે. રિફાઈનરીના દરવાજા બંધ કરાવી દેનારા દેખાવકારોને પ્રજાનો ટેકો છે. પણ પ્રધાનમંત્રીની વાતેય બિલકુલ વજૂદવાળી લાગે છે. છાપાં અને લોકમતનો પડઘો પાડનારાં બીજાંઓનો અવાજ હવે સંભળાવા

લાગે છે : સબૂર! ભાવ-વધારાનો વિરોધ જરૂર કરીએ. પણ આ રીતે નહીં. નિર્દોષોને ભોગે નહીં. દેખાવકારોને ગળે પણ વાત ઊતરે છે. પિકેટિંગ ઉઠાવી લેવામાં આવે છે. એ નિર્ણય બદલ ઠેરઠેરથી એમને ધ્યાનવાદ મળે છે. વિરોધ કરશું પણ આમ કાનૂનભંગ કરવો તે આપણને શોભે નહીં. ''શાનકે ખિલાફ'' છે એ તો. પ્રધાનમંત્રીએ તો પહેલેથી જ પિકેટરોને નમતું આપવાની ના પાડેલી : સરકારની નીતિ પિકેટિંગના મોરચાઓ પર ઘડવાની બ્રિટનની પ્રણાલિકા નથી. હડતાલિયાઓ - પિકેટરોને ચોમેરથી ''શાનકે ખિલાફ''ના અવાજો સંભળાયા, ત્યારે એમાંના સૌથી વધુ ઉગ્રવાદીઓ પણ શરમાયા હશે.

જોકે આ ભાવવધારાના આંદોલનના દિવસો દરમિયાન દેશભરમાં અશાંતિનો નાનોસૂનો યે એક પણ બનાવ બન્યો નહીં. અઠવાડિક પગાર મળવાના શુક્રવારની સાંજે કોઈ પીઠાની બહાર સામાન્ય ગણાય તેટલી અશાંતિ પણ આ આંદોલનને કારણે થઈ નહીં. લંડનના એક પેટ્રોલપંપ પર જેનો વારો આવ્યો તે ટેક્સીવાળાને પંપ-સંચાલકે જણાવ્યું કે, ભાઈ, ઠરાવેલા અગ્રતાક્રમમાં તમે નથી આવતા. ડ્રાઈવર એક ગાળ બોલીને ચાલતો થયો. ત્યારે આસપાસનાં સેંકડો લોકોનાં મોઢાં પર એવી લાગણી છવાઈ ગઈ કે જાણે દેવળમાં કોઇ અપશબ્દ ઉચ્ચારાયો હોય!

કોઈ પણ સવાલ અંગે ''સીધાં પગલાં'' લેવાય તેને બ્રિટિશ પ્રજા સહાનુભૂતિથી જોતી નથી. આવશ્યક પ્રજાકીય સેવાઓને જે કોઈ ખોરવી નાખે, તે આખી પ્રજાની નફરતનો ભોગ બને છે.

આનું, નામ લોકશાહી, આનું નામ સત્યાગ્રહ!

— સાભાર 'અડધી સદીની વાંચન યાત્રામાંથી' મહેન્દ્ર મેઘાણી

❀ ❀ ❀

**કોઈ ભૂલા પડે ધોરી રસ્તે, કોઈ ચીલે ચીલે જાય,**
**વીરલા આંકે કેડી પોતાની, રાજમાર્ગ કરી જાય.**

ક્ષમા કેવી રીતે આપી શકાય તે કેવળ શૂરવીર જ જાણે છે, ડરપોક કદી ક્ષમા ન આપી શકે. તે તેના સ્વભાવમાં જ નથી.

સરદાર વલ્લભભાઈ પટેલ

દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસે એક પણ ક્ષણ વ્યર્થ ગુમાવીએ નહીં.

રસ્કિન

જીવનમાંથી જયારે વિવેક વિદાય લે છે ત્યારે અસદાચાર અમૃતમય લાગે છે, અસભ્યતા અલંકાર બને છે, દુષ્ટતા શિષ્ટતાનું રૂપ ધારણ કરે છે.

પ્રેમચંદજી

❀ ❀ ❀

# ભણાવો નહીં, ભણતાં શીખવો!

- ડૉ. રઘુભાઈ નાયક

વિદેશી સત્તા સામે આપણા દેશમાં રાજકીય જાગૃતિ વધવા માંડી તેની સાથે સાથે જ બ્રિટિશ કેળવણીથી આપણી પ્રજા ઉપર થતી અનિષ્ટ અસરો સામે લોકોનો અસંતોષ પણ વધવા લાગ્યો. દેશમાં ચારેકોર પાઠચશાળાઓ, મદરેસાઓ, આશ્રમો અને ગુરુકુળો શરૂ થયાં. એની પાછળ મોટે ભાગે ધાર્મિક ભાવનાથી પ્રેરાયેલ વ્યક્તિઓ હતી. બીજી બાજુ ધીરે ધીરે સાર્વજનિક ભાવનાથી પ્રેરાયેલ જૂથોએ સંગઠન રચી સંસ્થાઓ શરૂ કરવા માંડી. આર્યસમાજ અને બ્રહ્મોસમાજે સંસ્થાઓ શરૂ કરી. આ સંસ્થાઓ ધાર્મિક ભાવનાથી પ્રેરાયેલ હોઈ તેમાં ધાર્મિકતાના શિક્ષણ ઉપર વધુ ઝોક હતો. અલબત્ત તેમાં ભારતીય અસ્મિતા પણ કેળવાતી હતી.

એ અરસામાં કાંગડી ગુરુકુળ તથા શાંતિનિકેતનમાં વિશ્વભારતીની શરૂઆત થઈ. પહેલા વિશ્વયુદ્ધ પછી પૂજ્ય ગાંધીજીએ પરદેશી સરકારની મદદથી ચાલતી શાળા મહાશાળાઓનો ત્યાગ કરવા અપીલ કરી. તેના પરિણામે આખા દેશમાં ચોમેર અનેક રાષ્ટ્રીય શાળાઓ અને કૉલેજોની શરૂઆત થઈ. આ શાળાઓમાં ધાર્મિકતાને બદલે રાષ્ટ્રભાવનાને વધુ ઝોક અપાયો. પરંતુ એ બંને પ્રકારની સંસ્થાઓમાં શિક્ષણ તો ચીલાચાલુ પદ્ધતિએ જ અપાતું હતું. વર્ગ-સમૂહને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શીખવવાનું. તેમાં વ્યક્તિગત જરૂરિયાત માટે બહુ ઓછું ધ્યાન રખાતું. શિક્ષણમાં માહિતીઓ યાદ કરવા પાછળ વધુ શક્તિ ખર્ચાતી. જાતે વિચાર કરતાં શીખવાનો અવકાશ નહિવત્ હતો. ભણતરનું માપ પણ ચીલાચાલુ પરીક્ષાઓ દ્વારા જ થતું. તેમાં ગોખવાની આવડતને વધુ મહત્ત્વ રહેતું. (જે આજે પણ મોટાભાગે ચાલુ જ છે.) સારું ભણે તેને પુરસ્કાર અને ભૂલો કરે તેને સજા. સ્વમાન, વ્યક્તિવિકાસ, ક્ષીરનીર વિવેક, નૈતિકતા અને નેતૃત્વ જેવી જીવનની મહત્ત્વની બાજુઓ અનાયસે જ કેળવાતી.

આવી રાષ્ટ્રીય સંસ્થાઓમાં ભાવનગર નામના દેશી રાજયમાં દક્ષિણામૂર્તિ ભવન નામની એક સંસ્થા પણ હતી. જેના મોવડીઓ શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી હરભાઈ ત્રિવેદી અને શ્રી ગિજુભાઈ બધેકા હતા. તેઓ રાષ્ટ્રીયતાના પ્રખર હિમાયતીઓ તો હતા જ પરંતુ સાથે સાથે તેમનો શિક્ષણને વૈજ્ઞાનિક ધોરણ પર લાવવાનોયે આગ્રહ હતો.

તે અરસામાં યુરોપ અને અમેરિકામાં નૂતન મનોવિજ્ઞાનના ક્રાન્તિકારક આવિષ્કારોને

પરિણામે બાળક અને શિક્ષણ ઉપર તેની ઊંડી અસર થઈ હતી. ફ્રોઈડ, યુન્ગ અને અડ્લર જેવા માનસશાસ્ત્રી તથા મૉન્ટેસોરી, જહૉન ડ્યુઈ, એ. એસ. નીલ જેવા શિક્ષણશાસ્ત્રીઓએ લોકોની આંખ ઉઘાડીને શિક્ષણમાં ધરમૂળના ફેરફારો માટેની ઝુંબેશ જન્માવી. આ ઝુંબેશની અસર આપણા દેશમાં પણ પહોંચી. શ્રી ગિજુભાઈ તથા શ્રી હરભાઈનાં લખાણો તથા પ્રયોગોમાં ડૉ. મૉન્ટેસોરી, ડ્યુઈ, નીલ, ફ્રોઈડ વગેરેની ઊંડી છાપ સ્પષ્ટ તરી આવે છે. તેમને લાગ્યું કે ચીલાચાલુ શિક્ષણ છોડવું જોઈએ. શ્રી ગિજુભાઈએ ડૉ. મોન્ટેસોરીના પ્રયોગોનો અભ્યાસ કરી ભાવનગરમાં શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરની શરૂઆત કરી. ઉપરાંત શિક્ષણ પત્રિકા મારફતે તેમણે ગુજરાતમાં તેમજ ગુજરાતની બહાર અનેક સ્થળે પૂર્વ પ્રાથમિક કક્ષાનાં બાળકો (૨ ૧/૨ થી ૫ ૧/૨ વર્ષનાં) માટે બાલમંદિરો શરૂ કરવાની પ્રેરણા આપી. **બાળક, ભલે ઘણું નાનું હોય, તે કોરી સ્લેટ નથી. તેને વિકસવું છે, ભણવું છે. એ 'કુમળું ઝાડ' માત્ર નથી કે તેને જેમ વાળીએ વાળીએ તેમ વળે. એની સુષુપ્ત શક્તિઓ ઓળખવી જોઈએ અને તેને અનુરૂપ વિકાસ પોષક વાતાવરણ અને સાધનો અપાવાં જોઈએ.** એવી પ્રતીતિ માબાપોને કરાવવામાં તેમનો ઘણો મોટો ફાળો છે.

**સ્વાધ્યાયકેન્દ્રી શાળાની શરૂઆત :**

એ જ વખતે એ જ સંસ્થામાં મોટાં બાળકો માટેની શાળામાં શ્રી હરભાઈ ત્રિવેદીએ ચીલાચાલુ અભ્યાસક્રમ યોજના અને શિક્ષણ પદ્ધતિઓને તિલાંજલિ આપી અને દક્ષિણામૂર્તિ વિનય મંદિરને સ્વાધ્યાયકેન્દ્રી શાળા બનાવવાનો નિશ્ચય કર્યો. તેમણે પ્રથમ પોતાના સાથીઓને આ નવા વિચારનો આચારનો ખ્યાલ આપ્યો. સદ્ભાગ્યે તેમના સાથીઓ બહુ શક્તિશાળી અને સેવાભાવી હતા. પરિણામે બહુ થોડા વખતમાં આ સુન્દર પ્રયોગની સૌરભ ચોમેર ફેલાઈ. ન્યૂ દિલ્હીની વિખ્યાત મોડર્ન સ્કૂલના સ્થાપક લાલા રઘુવીરસિંગ આ પ્રયોગ જોવા ભાવનગર પહોંચ્યા. ઉદેપુરના વિદ્યા ભવનના સ્થાપક સર મોહનસિંગ મહેતા પણ અહીં થોડા દિવસો અવલોકન માટે આવ્યા. વર્લ્ડ ફેલોશીપ ઑફ ન્યૂ એજ્યુકેશનના પ્રમુખ અને સમિતિના સભ્યો પણ દક્ષિણામૂર્તિ વિનય મંદિરના અવલોકન માટે આવ્યા. તેમણે તેમનો અહેવાલ સંઘના મુખપત્ર 'ન્યૂએરા'માં છાપ્યો. એ રિપોર્ટ છપાયા પછી તો અહીંના અનેક શિક્ષણરસિક લોકોએ ભાવનગરની યાત્રા કરી.

આ શાળામાં વર્તમાન શાળાઓમાં હોય છે તેવું સમય પત્રક ન હતું; સવારે અગિયાર વાગે ઘંટ થાય તે પછી સાંજે માત્ર શાળા પૂરી થયાનો ઘંટ થતો. દરેક શ્રેણીનો જુદો ઓરડો અહીં ન હતો. એને બદલે દરેક વિષય માટે જુદો ઓરડો હતો. જેને તે વિષયનું પ્રયોગ મંદિર કહેવાતું. આ પ્રયોગ મંદિરમાં મધ્યસ્થ જગાએ ઊભા રહી કોઈ અધ્યાપક વ્યાખ્યાન કે પાઠ આપતો

દેખાતો ન હતો. ઓરડાને એક ખૂણે બેસીને અધ્યાપક પોતાનું કામ કરતો હતો. કોઈ વિદ્યાર્થી શંકા લઈને દોરવણી લેવા જાય તો તેને આવકારી તેની વ્યક્તિગત મુશ્કેલી દૂર કરવામાં આવતી. પ્રયોગ મંદિરમાં જે તે વિષયના સંખ્યાબંધ અને શ્રેણીબંધ પુસ્તકો અને સંદર્ભગ્રંથો રાખવામાં આવતાં. તેનો વિદ્યાર્થી ત્યાં બેસી યથેચ્છ ઉપયોગ કરી શકતો. વિદ્યાર્થીએ જે તે વિષયમાં પોતાનો અભ્યાસ આગળ વધારવા શું કરવું તેની દોરવણી તેને વર્ગમાં લટકતા સ્વાધ્યાયપત્રોમાંથી મળી રહેતી. આ સ્વાધ્યાય પત્રો દરેક શ્રેણી માટે જુદા બનાવાતા. દરેક સ્વાધ્યાય પત્રમાં છ એકમ (યુનિટનું) કામ રહેતું. તે કામ વિદ્યાર્થી દિવસમાં દરરોજ ચારથી પાંચ કલાક કાર્ય કરી પૂરું કરી શકે તેવું હતું. એમાં એવા કોઈ પ્રશ્ન ન હતા કે જેના જવાબ કોઈ પુસ્તક ઉઘાડીને નકલ કરી લેવાતા હોય. વિદ્યાર્થીને એમાં કોઈ મુદ્દો યા પ્રશ્ન સમજવાનો હતો. તે માટે તેણે સૂચવેલાં પુસ્તકોમાંના કોઈ એક બે પ્રકરણો વાંચી, વિચાર કરી, પોતાને ઠીક લાગે તેવા વિચારોમાં એ મુદ્દો સમજાવવાનો હતો. અલબત્ત દરેક વિષયમાં પ્રશ્નનું અથવા અભ્યાસના મુદ્દાનું સ્વરૂપ જુદું જુદું હતું, હોય જ. પરંતુ એમાં વિદ્યાર્થીને વિચાર કરવો પડે, તુલના કરવી પડે, પોતાનું આગવું તારણ કાઢવું પડે. તે બધા માટે જાતે સૂચનાઓ મુજબનાં પુસ્તકોમાંથી વાચન કરવું પડતું. કોઈ વિષયમાં ઘર-કામ (Home work) અપાતું નહીં. વિશેષ વાચન માટે અથવા મહાવરો વધારવા માટે પુસ્તકો અને દાખલાઓ સૂચવાતા હતા.

વિદ્યાર્થીએ પોતાના વિષયના બધા સ્વાધ્યાયો એક સપ્તાહમાં પૂરા કરવા પડતા. જો તેને ગમે તો એક વિષય પાછળ એકથી વધુ કલાક અથવા આખો દિવસ ગાળી શકતો. આ માટે તેણે પોતાનાં કામો મુજબ પોતાના સમયને ફાળવવાનું આપોઆપ શીખવું પડતું. કોઈ કોઈ વિષયમાં શાળા સમયના અંતે છેલ્લા દોઢ-બે કલાક દરમિયાન વિષય શિક્ષક 'પરિષદ' (કોન્ફરન્સ) જાહેર કરતા. તેમાં કોઈ શ્રેણીના સ્વાધ્યાય પત્ર અંગે, કોઈ મુદ્દાઓ ઉપર પ્રસ્તાવના અપાતી અથવા વિદ્યાર્થીઓએ સપ્તાહ દરમિયાન રજૂ કરેલી અસાધારણ કઠિનાઈઓ ઉપર ચર્ચાઓ કરાતી.

**પરીક્ષા-અભ્યાસનો વ્યક્તિગત અહેવાલ**

વિદ્યાર્થી કેવું કામ કરે છે, કેટલું પૂરું કર્યું, શું બાકી રહ્યું તેની ખબર વિદ્યાર્થી તથા વાલીને સામાન્ય શાળામાં તો સત્રાન્ત અને વર્ષાન્ત પરીક્ષાઓ દ્વારા જ થાય છે. આવા અહેવાલ જરૂરી છે. પરંતુ તે માટે અહીં જુદો જ રવૈયો હતો. પાસ, નાપાસ, ચઢાવો, ઉત્તીર્ણ, પહેલો નંબર મળ્યો કે પાંચમો-દસમો વગેરે પ્રથા ખામી ભરેલી અને અન્યાય, આઘાત વગેરેથી ભરેલી છે, તેને અહીં સ્થાન ન હતું.

દરેક વિદ્યાર્થી પાસે પ્રગતિકાર્ડ રહેતું. શિક્ષક પાસે તેની નકલ રહેતી. વિદ્યાર્થી સ્વાધ્યાય પૂરો કરે ત્યારે એ પ્રગતિ પત્રક ઉપર જેટલા એકમો

પૂરા કર્યા હોય તેની નોંધ થતી. કઈ ગુણવત્તાનું કામ થયું તેની પણ ટૂંકાક્ષરીમાં નોંધ થતી. વિષયનું એક શ્રેણી માટેનું જેટલા એકમનું કામ કરવાનું હોય તેટલા એકમો તેણે પૂરા કર્યા હોય તો તેને ઉપલી શ્રેણીના સ્વાધ્યાયનું કામ શરૂ કરવાની સૂચના મળતી. વર્ષ પૂરું થતાં પહેલાં પણ તે કોઈ એક વિષય પૂરતો તે શ્રેણીમાંથી ઉપલી શ્રેણીમાં ગયો છે એમ તેને આપોઆપ ખબર પડી જતી.

લગભગ દરરોજ શાળા છૂટ્યા પછી અધ્યાપકોની સભા થતી. જે વિદ્યાર્થીઓ સ્વાધ્યાય પૂરા કરવામાં ધીરા હોય, આળસુ હોય તેની ત્યાં નોંધ લેવાતી અને તે વિદ્યાર્થીના પછાત રહેવાનાં કારણો સમજવામાં અને તેને દોરવણી આપવાનું કામ કોઈ એક વ્યક્તિને સોંપાતું. ખાસ કિસ્સાઓને સંભાળવાની જવાબદારી શ્રી હરભાઈ પોતે લેતા. કોઈ વિદ્યાર્થીએ કોઈ વિષયમાં અસાધારણ સુંદર કામ કર્યું હોય તો તેનો ઉલ્લેખ સવારના ઉપાસના સંમેલનમાં કરવામાં આવતો. કોઈ બહુ સુંદર લખાણ હોય તો તે સંમેલનમાં વંચાતું. આમ તેજસ્વિતાને પ્રેરણા મળતી અને બીજા વિદ્યાર્થીઓને તેમાંથી ધડો લેવાનું બનતું. કેટલાંક કામો જૂથ-પ્રોજેક્ટ તરીકે અપાતાં. એવાં જૂથ સ્ટડીનાં પ્રદર્શન કરવામાં આવતાં. આવી સ્વાધ્યાય યોજનામાં પાઠ્યપુસ્તક અને ગાઈડ બુકને કોઈ અવકાશ ન હતો. વાલીઓને પાઠ્યપુસ્તકોનો કોઈ ખર્ચ માથે પડતો નહીં!

આ શાળામાં સ્વાધ્યાયકેન્દ્રી અભ્યાસ ઉપરાંત બીજાં પણ અનેક સુંદર તત્ત્વો અહીં નોંધવા ઘટે. ઈનામ અને દંડ-સજા અને પુરસ્કાર અહીં હતાં નહીં. ઉત્તમ કાર્યોની પ્રશંસા જરૂર થતી પરંતુ તેના માટે પહેલો નંબર કે પાંચમો નંબર જેવા નંબરીંગ પણ ન હતા. શાળામાં શિસ્ત કેવી હોવી જોઈએ, શા માટે હોવી જોઈએ, તે માટે કયા નિયમો આવશ્યક છે, કયો નિયમ બદલાવવો, સુધરાવવો કે રદ કરવો આવશ્યક છે, તેની ચર્ચા આચાર્ય અને વિદ્યાર્થી મંડળ સાથે થતી. પરિણામે કયો નિયમ પોતાના કયા હિત માટે પાળવાનો છે તેનું ભાન વિદ્યાર્થીને રહેતું. અલબત્ત શિસ્તભંગ થતો જ નહીં એમ કહી શકાય નહીં, પરંતુ શિસ્તભંગ કરનાર સજાને પાત્ર જ છે - તેને માટે બીજો કોઈ રસ્તો નથી - એમ શાળા માનતી નહીં.

વિદ્યાર્થીને શિસ્તનું મહત્ત્વ સમજાવી તે ભવિષ્યમાં શિસ્ત પાળે જ તેને માટે તેની સમજણ કેળવાતી, ધીરજ રખાતી અને અસાધારણ કિસ્સાને વિદ્યાર્થી નેતાઓ સાથે બેસી વિચારવામાં આવતો. કોઈ વાર આ નેતાઓના નિર્ણયે અમુક વિદ્યાર્થીને જુદો પાડવાની, સાથીઓના સાથ વગર અમુક દિવસો રહેવાની ફરજ પડાતી...

વિદ્યાર્થીનાં દૃષ્ટિબિંદુઓ નિખાલસપણે વ્યક્ત થતાં રહે તે માટે અધ્યાપકો પૂરી સહિષ્ણુતા રાખે, વિદ્યાર્થીને માન અને પ્રેમથી બોલાવે. તેનું સ્વમાન ન ઘવાય તેની કાળજી રખાતી.

પરિણામે વિદ્યાર્થી નિર્ભયતાનો અનુભવ કરતો અને પોતાનામાં શ્રદ્ધા રાખીને કામ કરતો. વિદ્યાર્થીના અસામાજિક વર્તાવની નોંધ લેવાતી અને તેને વ્યક્તિગત રીતે બોલાવી, વખતો વખત સમજણ અપાતી.

આ પ્રયોગમાંથી તૈયાર થતા યુવાનોને શાળા છોડ્યા પછી પણ વખતોવખત મળવાનું બનતું. તેના અવલોકનો ઉપરથી એવી ખાતરી મળતી કે આ શાળામાં વિદ્યાર્થીઓનો બૌદ્ધિક તેમજ ટેવ, વર્તન, વલણ, દૃષ્ટિ વગેરેનો સામાન્ય વિકાસ બીજી શાળાઓની સરખામણીએ વધારે સારો થયો છે. કુટુંબના સભ્યો કે અન્ય લોકો સાથે તેના વર્તનમાં વધુ સમજ અને સહિષ્ણુતા જણાયાં છે. તેમનું રસક્ષેત્ર ઘણું વિશાળ બન્યું છે. શાળા છોડ્યા પછી તેણે પુસ્તક સાથે દોસ્તી રાખી છે, અભ્યાસનો શોખ ચાલુ રહ્યો છે. કઠિનાઈઓનો સામનો કરવામાં હવે તે ઓછો અકળાય છે, એટલું જ નહીં પણ આપબળે પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરે છે. જાહેર જીવનમાં તેને રસ છે અને સમાજોપયોગી કામોમાં હિસ્સો લેવો તેને ગમે છે. જે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં ગયા છે તેઓએ તેમના વિષયમાં ઘણો સુંદર રેકર્ડ ઊભો કર્યો છે. નોકરી-ધંધામાં પણ તેમની સુવાસ તરી આવે તેવી છે.

દક્ષિણામૂર્તિ સંસ્થાને પણ કાળનો-ખપ્પરનો-ભોગ થવું પડ્યું અને તે સંસ્થા ૧૯૩૯માં બંધ પડી. આ સ્વાધ્યાય કેન્દ્રી પ્રયોગ ૨૦ થી વધુ વર્ષ ચાલ્યો. એના સંપર્કમાં જે આવ્યા તે સહુને તેમણે ખાતરી કરાવી કે આ પ્રયોગ સફળ હતો. **સજા કે ઈનામ વગર વિદ્યાર્થીઓ અનુશાસનપ્રિય બની શકે છે. જડ પરીક્ષાઓ અને રેન્કિંગ વિના પણ તેઓ પોતાના અભ્યાસમાં ઉત્તમ કક્ષાએ પહોંચવાનો શોખ કેળવે છે. તેમનો અભ્યાસ શાળા કે કૉલેજ છોડ્યા પછી પણ બંધ થતો નથી. જીવન આખું વિદ્યાર્થી તરીકેની જિજ્ઞાસા અને તેને સંતોષવાની ટેવ ચાલુ રહી શકી છે. મૌલિકતા-સર્જકતા અહીં ઘણા મોટા પ્રમાણમાં ખીલવી શકાઈ છે.**

આજ કાલ મધ્યસ્થ સરકારના શિક્ષણ મંત્રાલયના આદેશને અનુસરીને ગુજરાતમાં બધી શાળાઓએ સ્વાધ્યાય પત્રો દ્વારા થોડો અભ્યાસ દરેક વિષયમાં કરાવવાનો હોય છે. એ આદેશ પણ એક પુરાવો છે કે સ્વાધ્યાય-કેન્દ્રી શિક્ષણ યોજના આવકારદાયક છે. સ્વાધ્યાય યોજના માટે વર્તમાન શિક્ષકોમાં પૂરતી શ્રદ્ધા ઊભી થઈ શકી નથી. સ્વાધ્યાય પત્રો વિષે ફરિયાદો છે.

એવે વખતે ઉપરના પ્રયોગની વાત શિક્ષકો, મા-બાપો અને તંત્રવાહકો વાંચે અને વિચારે એ ઈચ્છનીય છે. આજે જે અધવધરો પ્રયોગ થઈ રહ્યો છે તેમાં ક્યાં અને કેવો સુધારો વધારો કરી શકાય તેમ છે તેની ચર્ચા માટે આ યોજનાની હિમાયતમાં માનનાર અનુભવી લોકોએ ભેગાં મળી દોષનાં મૂળ તથા ઉપયોગિતા વધે તેવા ઉપાયો શોધવા જોઈએ.

સ્વાધ્યાયકેન્દ્રી શાળાના સર્જક શ્રી હરભાઈ તો આજે નથી પરંતુ તેમની સાથે કામ કરનારા નિષ્ણાંતો હજી હયાત છે એમનો લાભ જરૂર લઈ શકાય.

લોકભારતી (સણોસરા)માં શ્રી નટવરલાલ પ્ર. બુચ નામના એક અસાધારણ પ્રતિભાશાળી શિક્ષણકાર નિવૃત્ત જીવન જીવે છે. તેઓ બધી આશંકાઓનો ઉકેલ આજે પણ આપી શકે તેમ છે.

અંતમાં અસાધારણ શ્રદ્ધા સાથે આ ભગીરથ સાહસ લાગે તેવો પ્રયોગ કરનાર સદ્‌ગત શ્રી હરભાઈને શ્રદ્ધાંજલિ આપી આ કથન અહીં અટકાવીએ. લોકશાહી સરકાર શિક્ષણના વહીવટમાં યાંત્રિક જડતા છોડે તો અને પ્રયોગો તરફ સહિષ્ણુ બને તો જરૂર ગુજરાતમાં શ્રી હરભાઈ જેવા પ્રયોગવીરો અનેક નીકળી આવે.

**(અનુસંધાન પૃષ્ઠ ૧૯ થી ચાલુ)**

મનોવૈજ્ઞાનિક કસોટીઓનું હોવા છતાં એ અનિવાર્ય છે તેમ માનતો નથી. આથી આપણા રોજબરોજના શૈક્ષણિક પ્રશ્નોને ઉકેલવા સંશોધનોની મને જરૂર લાગે છે.''

''પરીક્ષાપદ્ધતિ અંગે આપ શું માનો છો?''

''ઓબ્જેક્ટિવ ટેસ્ટના ક્ષેત્રે પાંત્રીસ વર્ષ કામ કરવા છતાં હું માનું છું કે શ્રેષ્ઠ પરીક્ષણ સબ્જેક્ટિવ જ હોઈ શકે. જે ભણાવે તે જ પરીક્ષા સાચી કરી શકે. બીજા પેપર્સ તપાસે તેમાં કશીય ઑબ્જેક્ટિવિટી આવતી નથી.''

''- અને જાહેર પરીક્ષાઓ અંગે?''

''એ સદંતર નાબૂદ થવી જોઈએ. એસ.એસ.સી., એચ.એસ.સી., ડિગ્રી પરીક્ષાઓ, પીએચ.ડી. સુદ્ધાં ખોટી માયાજાળ ઊભી કરે છે. જાહેર પરીક્ષાઓએ કોઈનું સાચું પરીક્ષણ કર્યું નથી.''

''શિક્ષક-મિત્રોને આપ શું કહેવા ઇચ્છો?''

''નિષ્ઠાથી કામ કરો અને તમારું સામાન્ય જ્ઞાન ખૂબ વધારો.''

''આપના પ્રિય શિક્ષકો?''

''ઘણા સારા શિક્ષકો પાસે હું ભણ્યો છું. દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ વિશિષ્ટ શક્તિ જોવા મળી છે. આમ છતાં બે વ્યક્તિઓને મેં મારા ગુરુ માન્યા છે : ગૂજરાત વિદ્યાપીઠના શ્રી ગિરિરાજ કિશોર અને શ્રી ધીરુભાઈ મણિભાઈ દેસાઈ.''

''આપનું જીવનસૂત્ર?''

''બનાવ્યું તો નથી; પણ આત્મવિશ્વાસ અને કાર્યનિષ્ઠા એ બે શબ્દો પર મેં જીવનમાં આધાર રાખ્યો છે. હાલમાં પણ સખત કામ તો એટલા માટે કરું છું કે તેની ટેવ પડી ગઈ છે અને જો આરામ કરવા માડું તો જીવન ટૂંકાઈ જશે!''

અનાયાસ ટૂંકાઈને બે અક્ષરનું થયેલું નામ અમથું કંઈ ભારે આદરથી લેવાતું હશે? આપણા શિક્ષણજગતની એક વીરલ પ્રતિભા સમા ડૉ. કે.જી. દેસાઈને સલામ!

# ભારે આદરથી લેવાતું બે અક્ષરનું નામ

- ઈશ્વર પરમાર

અંધેરી (મુંબઈ)ની હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલમાં ચોવીસ વર્ષના એ યુવાનને ટીચર તરીકે નિમણૂક મળી. ભણાવવા ઉપરાંત એને હાઉસ-માસ્ટર (ગૃહપિતા) તરીકેની પણ જવાબદારી સોંપાઈ હતી. સોળ વિદ્યાર્થીઓનું એક હાઉસ (છાત્રાલયનો વિભાગ) તેની દેખરેખ નીચે મૂકાયું હતું. હાઉસના રીડિંગરૂમ (વાચન-કક્ષ)માં ઉપયોગી સામયિકો ઉપરાંત છાપાં પણ મૂકવામાં આવતાં હતાં. હાઉસ-માસ્ટર દરરોજ રાતે તે સામયિકો ને છાપા ત્યાંથી ઉપાડીને નિયત ઠેકાણે મૂકી દેતા.

એ યુવાન ભણાવે, છાત્રોની સંભાળ લે અને થોડે દૂર મુંબઈ જઈને એમ.એ.ના વર્ગો પણ ભરે. એક વાર તે રીતે મુંબઈથી પાછા અંધેરી આવેલા એ યુવાને જોયું કે રીડિંગ-રૂમમાં સામયિકો હંમેશા મુજબ આડાં-અવળાં પડ્યાં ન હતાં પરંતુ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં હતાં ને તે સાથેનાં છાપાં પર અપશબ્દો લાલ અક્ષરે લખાયેલા હતા - એ યુવાન શિક્ષકને ઉદ્દેશીને!

યુવાને હાઉસ પર નજર ફેરવી લીધી. બધા છાત્રો જાણે કશું જ ન જાણતા હોય તેમ સુવ્યવસ્થિત બેસીને વાંચી રહ્યા હતા. કુશળ યુવાન સમજી ગયા કે બધા છાત્રો મારી સામે રોષ વ્યક્ત કરવામાં સામેલ ન હોય તો સહમત તો છે જ! તેણે સામયિકો હાથમાં લીધાં. નિયત ઠેકાણે મૂક્યાં. જમવાનું મન ન થયું. સૂતાં સૂતાં એમને થયું : હું તો હાઉસમાં અને સ્કૂલમાં વિદ્યાર્થીઓનું હિત થાય તેવું જ વર્તન કરું છું તેમની સાથે; આમ છતાં મને વંચાય તે રીતે મને ઉદ્દેશીને અપશબ્દો છાપાં પર લખાયા! આમ કેમ? મારે એનું કારણ તો શોધવું જ જોઈએ...

બીજા દિવસે, જાણે કશું જ બન્યું હોય તે રીતે તે યુવાન-શિક્ષક છાત્રો સાથે હેતથી હળીમળીને વ્યવહાર કરતા રહ્યા. આમ બે દિવસ પસાર થયા પછી એક સાંજે નવમા ધોરણનો એક વિદ્યાર્થી તેમને મળ્યો ને કહ્યું, ''સાહેબ, અહીં સૌ મને ચોર માને છે. તમે જાતે આવીને મારું કબાટ તપાસો. જો કોઈની ચીજ કે ચોપડી એમાંથી નીકળે તો મને સજા કરજો.''

આ વિદ્યાર્થી ભણવામાં નબળો હતો. વર્ગમાં બેઠો બઠો પણ તે દિવાસ્વપ્નમાં રાચતો હતો તેવું આ શિક્ષકનું અવલોકન હતું. શિક્ષકના ચિત્તમાં વિચાર ઝબકી ગયો : આણે તો છાપાં પર અપશબ્દો લખ્યા નહીં હોય ને?... બીજાની ચીજ પોતાના કબાટમાં હોય ત્યારે કોઈ થોડું જ આમ સામેથી ચાલી આવીને

તપાસ કરાવવા આવે?

- આમ છતાં, તે છાત્રના સંતોષ ખાતર તે શિક્ષક તેના ઓરડામાં ગયા. તેના કબાટમાં કોઈની ચીજ તો હોય જ શાની? કબાટમાં કૃષ્ણ ભગવાનની છબી હતી. તે જોઈને શિક્ષકે પૂછ્યું, ''બકુલ, આ છબી અહીં કેમ રાખી છે?''

''સાહેબ, હું રોજ આ છબી પાસે પ્રાર્થના કરું છું.''

''તો આ છબી પાસે તું ખોટું તો નહીં જ બોલે ને?''

''કૃષ્ણ પાસે ખોટું તો નહીં જ બોલું ને, સાહેબ!''

યુવાન શિક્ષકનું નામ પણ કૃષ્ણકાંત હોવાથી તેણે મલકાતે ચહેરે પૂછ્યું, ''કૃષ્ણ પાસે ખોટું ન બોલાય, એમ ને?'' અને પછી પેલા છાત્રની સાથે નજર મેળવીને પૂછ્યું, ''બકુલ, મને કહે, તું ગાળો બોલે છે?''

''સાહેબ, હું ગાળો બોલતો નથી ને લખતોય નથી. જાજરૂમાં બીજા લખે છે; એવું હું ન જ લખું... સાહેબ!''

ગાળ બોલવાની વાતમાં ગાળ લખવાનો ઉલ્લેખ આવવાથી શિક્ષક કૃષ્ણકાંતને ખાતરી થઈ કે છાપાં પર અપશબ્દો લખનાર આ જ વિદ્યાર્થી હોવો જોઈએ. આથી વળી સીધો પ્રશ્ન કર્યો : ''સાચું કહે, મેં તારું શું બગાડ્યું હતું કે તેં તે દિવસે છાપાં પર મને ગાળો લખી હતી?''

બકુલ રડવા માંડ્યો. તેને પોતાના ઓરડામાં લઈ જઈને શિક્ષક કૃષ્ણકાંતે કહ્યું, ''તું સાચું કહે, આવું ક્યારથી લખે છે? મેં તારું શું બગાડ્યું હતું?''

''સાહેબ, હું ભારે કમનસીબ છું. મારે સાવકી મા છે. તેના ત્રાસથી બચાવવા મારા બાપુએ મને આ પબ્લિક સ્કૂલમાં મૂક્યો છે. હું અમારા નોકરો પાસેથી બીડી પીવાનું ને ગાળો બોલવાનું શીખ્યો છું.''

''પણ મને ગાળો શા માટે?''

''સાહેબ, એક દિવસ તમે હિન્દીના પિરિયડમાં મને પૂછેલું કે બાબા ભારતી કૌન થા? પાઠ ચાલતો હતો ત્યારે તેમાં મારું ધ્યાન ન હતું તેથી મેં અનુમાન કરીને કહ્યું કે વો કોઈ લડકી કા નામ હોગા! આ સાંભળીને આખો ક્લાસ હસી પડેલો. સાહેબ, એ સૌની સાથે તમે પણ હસી પડેલા ને મારી મશ્કરી કરેલી. સાહેબ, બીજા સાહેબો કરતાં તમે મને બહુ ગમતા હતા; પણ તે દિવસે સૌની સાથે સાહેબ, તમે પણ મારી મશ્કરી કરી તેથી મને ગુસ્સો આવ્યો ને મેં હાઉસમાં સૌના દેખતા છાપાં પર તમને ગાળો લખી.''

શિક્ષક કૃષ્ણકાંતે તેના માથા પર હાથ ફેરવતાં કહ્યું, ''તેં સાચું કહ્યું છે માટે તને કંઈ જ સજા નહીં કરું. ગભરાઈશ નહીં. હવે તને જો કંઈ ન સમજાતું હોય તો મારી પાસે આવીને શીખી જજે; હોં ને?''

પછી બકુલ ભણવામાં નિયમિત થયો. તેનું

ભણતર પણ સુધર્યું. શિક્ષક કૃષ્ણકાંતે આંતરખોજ કરીને આ પ્રસંગને અંતે તારવ્યું : માતાની જેમ શિક્ષકે પુત્ર સમા વિદ્યાર્થીઓના દોષને ઢાંકીને તેની મશ્કરી કર્યા વિના તેને સુધારવા પ્રયત્ન કરવા જોઈએ. બિચારા બકુલે તો મને સાચી કેડી ચીંધી છે!

આંતરખોજ કરતાં કરતાં પોતાની આગવી કેડી કંડારનાર યુવાન શિક્ષક તે આજના પ્રસિદ્ધ કેળવણીકાર કૃષ્ણકાન્ત ગોપાળજી દેસાઇ. શિક્ષણક્ષેત્રે પ્રસિદ્ધ છતાં આ નામે ઓછા જાણીતા એ શિક્ષકને બચપણમાં એના બા તો રમણ કહેતાં પણ એ નામ તો નજીકનાં સગાં જ જાણે. એમના નામમાંથી અટક દેસાઈ તો ક્યારનીય ઊડી ગઇ અને અંગ્રેજી પ્રથમાક્ષરો દ્વારા એ જાણીતા થયા. જાણીતા એવા કે બાર અક્ષરના પૂરા નામમાંથી માત્ર બે અક્ષરનું નામ દેશ-વિદેશના શિક્ષણક્ષેત્રે ભારે આદરથી લેવાતું રહ્યું છે અને તે છે - કે.જી.

ડૉ. કે.જી.નો જન્મ ૨૨મી મે, ૧૯૨૩ના રોજ થયો હતો. જન્મસ્થળ : જૂના વડોદરા રાજ્યના નવસારી પ્રાંતનું પલીસણા ગામ. એમના પિતાજી રેવન્યુ ખાતામાંથી નિવૃત્ત થયા ત્યારે (૧૯૪૬) તેમનો પગાર હતો પૂરા પંચ્યાસી રૂપિયા! સાત ભાંડું ને માવતર : નવ જણનું પોષણ તેમાંથી થતું અને છતાં પિતાજીએ ટેક રાખેલી કે કોઈની પાસે પૈસા ઉછીના લેવા નહીં!

કે.જી.નું બચપણ જંબુસરમાં આળોટ્યું અને તરુણાઈ પાંગરી અંકલેશ્વરમાં. હંમેશા પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થતા કે.જી.એ મૅટ્રિકમાં ૭૬ ટકા ગુણ મેળવ્યા હતા. શાળામાં હતા ત્યારથી વાંચવાનો અને શીખવવાનો શોખ. સહાધ્યાયીઓ અને બહેનની સખીઓને સાચુકલા શિક્ષકની અદાથી શિખવાડે! જોકે ભણવામાં તેમને વિજ્ઞાન શાખા ફાવી નહીં, છતાં બીજા વર્ગમાં બી.એસસી. તો થયા. (૧૯૪૫)

આ પછી કૌટુંબિક સંજોગવશ તરત જ રેવન્યુ ખાતાના રૅશનિંગ વિભાગમાં નોકરીએ જોડાઈ જવું પડ્યું. આ નોકરી ન ફાવી. અહીં મળતા હતા તેથી ઓછા પગારે (રૂ. ૫૦ + ૧૮) ભરૂચની દલાલ હાઈસ્કૂલમાં જોડાયા અને ૧૦૩ દિવસનો શૈક્ષણિક અનુભવ લઈને સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજમાં બી.ટી.ના અભ્યાસ માટે વડોદરા ગયા. (૧૯૪૬)

બીજા વર્ગમાં બી.ટી. થયા. (૧૯૪૭) આ પછી અંધેરી (મુંબઈ)ની એક પબ્લિક સ્કૂલમાં ટીચર-કમ-હાઉસમાસ્ટર તરીકેની નોકરી કરવાની સાથોસાથ ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનમાં પાર્ટ ટાઇમ અભ્યાસ કરીને બીજા વર્ગમાં એમ.એડ્. થયા (૧૯૫૦) પબ્લિક સ્કૂલની નોકરી દરમિયાન તેઓ ‘રાષ્ટ્રભાષા રત્ન’ (હિન્દી) પણ થયા હતા અને એ હિન્દી શિક્ષકે બિચારા વિદ્યાર્થી બકુલને બાબા ભારતીના પાત્રવાળો ‘હાર કી જીત’ પાઠ પણ શીખવ્યો હતો!

કે.જી. અંતરની ઊલટથી શિક્ષક થયા હતા

તેથી શિક્ષણક્ષેત્રે વધુ ને વધુ અભ્યાસ કરવાનો તેમને ઉંમગ હતો. આથી એમ.એડ્. પૂરું થયા પછી કે.જી.એ તરત જ પીએચ.ડી.નું કામ શરૂ કરેલું પણ માર્ગદર્શક ડૉ. વી.વી. કામટ પાસે અવકાશ ન હતો તેથી ૧૯૫૧માં તેમણે કે.જી.ને રજિસ્ટર કર્યા. વિષય હતો : સાયકોલોજિકલ ટેસ્ટિંગ-સ્ટાન્ડર્ડાઈઝેશન ઑફ ઈન્ટેલિજન્સ ટેસ્ટ. તેઓ ૧૯૫૪ના ફેબ્રુઆરીમાં પીએચ.ડી. જાહેર થયા. આ વર્ષના ગાળામાં અન્ય લેખકો સાથે મળીને કે.જી.એ ધોરણ ૪-૫-૬-૭ના વિજ્ઞાન અને ભૂગોળનાં પાઠ્યપુસ્તકો લખ્યાં હતાં જે સરકારે મંજૂર કર્યા હતાં.

હવે, કે.જી.એ શિક્ષણક્ષેત્રે સેવા આપવાનું શરૂ કર્યું હતું. અમદાવાદની એ. જી. ટીચર્સ કૉલેજમાં કે.જી.એ ત્રણ વર્ષ (૧૯૫૨-૫૫) લેક્ચરર તરીકે સેવાઓ આપી. આ પછીના વર્ષે (૧૯૫૫-૫૬) અમેરિકામાં એક વર્ષ ઉચ્ચ અભ્યાસ કરવા માટે ફૂલ-બ્રાઈટ સ્કૉલરશિપ મળી. પોતે પીએચ.ડી. તો હતા જ; છતાં અમેરિકા જઈને એમ.એ. થવાનું કારણ શિક્ષણના એક નવા ક્ષેત્રમાં પ્રવેશ કરવાનું હતું. આથી તે વર્ષ કોલંબિયા યુનિવર્સિટી, ન્યૂયોર્કમાં રહીને મનોવૈજ્ઞાનિક સેવાઓ અને માર્ગદર્શનના ક્ષેત્રે વિશેષ યોગ્યતા મેળવી અને કેળવી.

પરદેશથી પરત આવીને અમદાવાદની ટીચર્સ કૉલેજ એ.જી. માં કે.જી. એ પ્રોફેસર તરીકે સેવાઓ આપી. (૧૯૫૬-૬૧) આ ગાળા દરમિયાન એમને એક વખત વડોદરાથી અમદાવાદ પહોંચવા માટે ચાલતી ગાડીએ તેમાં ચડવું પડેલું. એક ડબ્બામાં જોયું તો એક ભાઈ થેલીમાં સિગારેટનાં ખોખાં કાઢીને કાતરથી તેની સાંકડી બાજુ કાપીને મોટી લંબચોરસ બાજુઓ ભેગી કરતા હતા. કે.જી. એ કુતૂહલથી તેને પૂછ્યું, ‘‘આ તમને શા કામમાં આવે છે?’’

‘‘હું શિક્ષક છું એટલે આ પત્તાનો ઉપયોગ બાળકોને ભણાવવામાં કરું છું. તમને એ ન સમજાય.’’

‘‘હું પણ શિક્ષક જ છું એટલે મને સમજાવો કે આ પત્તા તમે ભણાવવામાં કેવી રીતે વાપરો છો?’’

‘‘લોકોએ ફેંકી દીધેલાં સિગારેટનાં ખોખામાંથી આવાં પત્તાં કરીને તેમના પર ચિત્રો દોરું છું અને નીચે ચિત્રનું નામ લખું છું; જેમ કે, ગાયનું ચિત્ર દોરીને નીચે ‘ગાય’ લખું; બકરીનું ચિત્ર દોરી નીચે ‘બ’; ને તેની નીચે ‘બકરી’ લખું.’’

‘‘તમે ક્યાં ભણાવો છો?’’

‘‘પંચમહાલ જિલ્લામાં; ત્યાં ઘણાંખરાં બાળકો નિશાળે આવતાં નથી. તેઓ ઢોર ચરાવવા જાય ત્યારે મારાં આ પત્તાં લઈને રમે છે અને ધીમે ધીમે ‘ગાય’, ‘બકરી’ વગેરે વાંચતા શીખી જાય છે.’’

‘‘તમે શિક્ષક છો કે પી.ટી.સી.ના તાલીમાર્થી છો?’’

‘‘હું તો ક્યારનોય ટ્રેઈન્ડ થયેલો છું.

આ તો વડોદરા ગયેલો અને વહેલી સવારે નીકળવાનું હતું એટલે રસ્તામાં લોકોએ ફેંકી દીધેલાં સિગારેટનાં ખોખાં થેલીમાં ભરી લીધાં; હવે તે કાપીને પત્તાં બનાવું છું.''

એ.જી. ટીચર્સ કૉલેજના તાલીમાર્થીઓ જ્યારે શૈક્ષણિક સાધનો વાપરવા અંગે શંકા કે સંકોચ કરતા ત્યારે પ્રોફેસર કે.જી. તેમને આ બનાવ કહીને ઉમેરતા ''વ્હેર, ધેર ઇઝ એ વિલ; ધેર ઇઝ એ વે; બાકી કંઈ કરવું ન હોય ત્યારે બહાનાં તો ઘણાં મળે.''

એ.જી.માં પ્રોફેસર કે.જી. પ્રિન્સિપાલ તરીકે પદોન્નતિ પામ્યા. આ પદે સાડા આઠ વર્ષ (૧૯૬૧-'૬૯) દરમિયાન તેમણે પોતાની સૂઝબૂઝથી એ.જી.ને ભારતમાં જ નહીં, દુનિયાભરના શિક્ષણજગતમાં જાણીતી કરી. તાલીમાર્થીઓ સાથેનો એમનો વ્યવહાર વિશેષ માનવીય રહેતો.

એક વખત એ.જી.નો એક તાલીમાર્થી કોઈ કન્યાશાળામાં બ્લૉક ટીચિંગ દરમિયાન જાતને જાળવી શક્યો નહીં અને એણે એક કન્યાને પાકીટમાં દસ રૂપિયા આપ્યા; સાથે મૂકેલ ચિઠ્ઠીમાં લખ્યું : ''રૂપાલી સિનેમા પાસે આવતી કાલે મળજે, તારે જોઈએ તો વધારે પૈસા આપીશ.''

પેલી કન્યાએ ગભરાઈને પાકીટ ચિઠ્ઠી સહિત પોતાની વર્ગશિક્ષકાને આપ્યું. શિક્ષિકાએ આ પ્રકરણ આચાર્યને સોંપ્યું. આચાર્ય સખત પગલું ભરવા વિચારે તે સહજ છે.

હવે પેલો તાલીમાર્થી ગભરાઈને કે.જી. ને ઘેર પહોંચ્યો ને રડીને પગે પડ્યો, ''સાહેબ, મેં ગુનો તો ગંભીર કર્યો છે; પણ સાહેબ, મને બચાવી લો. સુધરવાની તક આપો.'' કે.જી. ગુસ્સે તો થયા પણ એક ભૂલ માટે તેની કારકિર્દી જ નહીં, જિંદગી બગાડવી તે યોગ્ય ન લાગ્યું. આ અંગે તેઓ વિચારતા જ હતા ત્યાં કન્યાશાળાના આચાર્યનો ફોન આવ્યો : ''તમે તાલીમાર્થીને ડિસમિસ કરો, નહીંતર અમે તમને અમારી શાળામાં પાઠ (લેસન) આપતા બંધ કરીશું અને બીજી શાળાઓ પણ અમને અનુસરશે.'

કૉલેજ સ્ટાફ પણ તે તાલીમાર્થીને તગેડી મૂકવા ઇચ્છતો હતો; છતાં તત્કાળ પ્રસંગ સંકેલવા તાલીમાર્થીએ કન્યાશાળાના આચાર્યની માફી તો માંગી; એ.જી.ના આચાર્યની કે.જી.એ પણ સંસ્થા વતી માફી માંગી પણ આચાર્ય એકના બે ન થયા.

છેવટે કે.જી.એ પેલા તાલીમાર્થીને કહ્યું, ''તને સજા તો થવી જ જોઈએ પણ તારું જીવન બગાડવા ઇચ્છતો નથી; તારે અમારી કૉલેજ છોડી દેવી પડશે; પણ હું તને બીજી કૉલેજમાં દાખલ કરાવી આપીશ. હવે ક્યારેય આવું ગાંડપણ કરીશ નહીં. બી રિસ્પોન્સિબલ એઝ એ ટીચર! ''

પછી તે તાલીમાર્થી બીજી કૉલેજમાં જઈને ભણ્યો. સારા ગુણ મેળવીને બી.એડ્. થયો અને હાલ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલમાં રિસ્પોન્સિબલ ટીચર તરીકે નોકરી કરે છે!

આવો માનવીય અભિગમ ધરાવતા આચાર્ય કે.જી. એ એ.જી.ના ઉપક્રમે વિજ્ઞાનમેળાની શરૂઆત ગુજરાતમાં કરી. આ પ્રવૃત્તિ હાલમાં તો ખૂબ વિસ્તરી ચૂકી છે.

સને ૧૯૬૧માં ઇંડિયન ઍસોસિયેશન ઑફ ટીચર્સ એજ્યુકેટર્સની કારોબારીમાં કે.જી. ચૂંટાયા; ૧૯૭૨-૭૪ના ગાળામાં કે.જી.ને આ સંસ્થાના અખિલ ભારતીય ધોરણે પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

કે.જી.ને ૧૯૬૪ના ડિસેમ્બરમાં ફિલિપાઈન્સના મનીલા શહેરમાં ઇન્ટરનેશનલ સાયન્સ ટીચર્સ કૉન્ફરન્સમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું. કારણ કે તેઓ ગુજરાત સાયન્સ ટીચર્સ એસોસિયેશનના પ્રમુખ હતા અને ઑલ ઇન્ડિયા સાયન્સ ટીચર્સ ઍસોસિયેશનના વાઇસ ચેરમેન તરીકે પણ તેમની વરણી થઈ હતી.

શિક્ષણ-સંશોધનક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરવા બદલ ગુજરાત યુનિવર્સિટી તરફથી કે.જી.ને કે.જી. નાયક સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. (૧૯૬૮)

પોતાનું કાર્યક્ષેત્ર વિકસાવવા અને સંશોધનક્ષેત્રે વિશેષ કાર્ય કરવા માટે એ.જી. માંથી વિદાય લઈને કે.જી. એ ગુજરાત યુનિવર્સિટીના એક વિશાળ ફલક ધરાવતા ડિપાર્ટમેન્ટ (ભવન)ના અધ્યક્ષપદે (ડાયરેક્ટરશિપ)ની જવાબદારી સ્વીકારી. આ ડિપાર્ટમેન્ટ હતું : સ્કૂલ ઑફ સાયકોલોજી, એજ્યુકેશન ઍન્ડ ફિલોસોફી. આ પદ પર રહીને તેમણે સાડા ચૌદ વર્ષ (૧૯૬૯-'૮૩) યાદગાર સેવાઓ આપી. તેઓ એમ.એડ્. ઉપરાંત એમ.એ.(મનોવિજ્ઞાન)ના વર્ગોમાં પણ વ્યાખ્યાનો આપતા. શિક્ષણ તેમજ મનોવિજ્ઞાન એમ બંને વિષયના પીએચ.ડી.ના ગાઇડ તરીકે યુનિવર્સિટીએ તેમને માન્ય કર્યા હતા. એમના દ્વારા માર્ગદર્શિત થયેલા ચોત્રીસેય મહાનિબંધો પીએચ.ડી.ની પદવી માટે માન્ય થયા; એમ.એડ્. કક્ષાએ એકસો જેટલા લઘુશોધ નિબંધોના તેઓ માર્ગદર્શક રહ્યા.

ભવનનો કાર્યભાર સંભાળવા દરમિયાન કે.જી.એ દેશ કક્ષાની શૈક્ષણિક પરિષદોમાં સક્રિય પ્રદાન કર્યું હતું અને વિશ્વ કક્ષાની પરિષદોમાં અનેક વાર રિસર્ચ-પેપર તેમજ લીડ પેપર્સ રજૂ કરવાનું માન મેળવ્યું હતું. દુનિયાભરના શિક્ષણવિદો સાથેના તેમના પરિચયને લીધે ગુજરાતનાં શૈક્ષણિક સંશોધનોમાં વ્યાપ અને વૈવિધ્ય આવ્યાં.

કોશકોશથી સંશોધનના જીવ કે.જી. એ સને ૧૯૮૧થી પોતાના નિવાસસ્થાને સંસ્થા શરૂ કરી : ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયકોલૉજી ઍન્ડ એજ્યુકેશન રિસર્ચ ગાઇડન્સ. પોતે જ તેના માનદ નિયામક રહ્યા છે. પીએચ.ડી.ના અન્ય

અધ્યાપક-માર્ગદર્શક (ગાઈડ)ના વિદ્યાર્થીઓ તથા એમ.એડ્.ના વિદ્યાર્થીઓ કે.જી. પાસે માર્ગદર્શન મેળવવા જતા હોય છે; ક્યારેક તો કોઈ પીએચ.ડી. ગાઈડ પણ તેમનું ગાઈડન્સ મેળવવા તેમને મળતા હોય છે. સાઈકોથેરાપી માટે પણ કેટલાક લોકો તેમને મળે છે. વગર વેતને આ સૌને સહાયભૂત થતા કે.જી. નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિમય રહે છે. એમને મતે માત્ર આરામ કરવાથી તો જીવન ટૂંકાય!

કે.જી.નું નામ શિક્ષણક્ષેત્રે ભારે આદરથી લેવાય છે. તેનું મુખ્ય કારણ એ છે કે તેમણે પ્રથમ વાર ગુજરાતી ભાષામાં બુદ્ધિકસોટીની રચના કરી. આ કસોટી દસ હજાર વિદ્યાર્થીઓ પર પ્રમાણિત કરી હતી. આ કસોટીની બે વાર પુર્નરચના કરી છે : ૧૯૬૭માં દેસાઈ-ભટ્ટની સમૂહ બુદ્ધિકસોટી, ૧૯૯૨માં દેસાઈ શાબ્દિક-અશાબ્દિક સમૂહબુદ્ધિ કસોટી.

આ ઉપરાંત, સમગ્ર ભારતમાં, કોઈ વ્યક્તિએ બનાવેલી કસોટી સૌથી વધુ વપરાતી હોય તો તે કે.જી.ની જ. પહેલી બુદ્ધિકસોટીની દોઢ લાખ પ્રત; બીજીના ઉત્તરપત્રો બે લાખ વેચાયા. હાલ એક વર્ષમાં ત્રીજી બુદ્ધિ કસોટીના આઠ હજાર ઉત્તરપત્રો વેચાયા છે. એમણે પોતાના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ પાસે પણ મોટે ભાગે વિવિધ મનોવૈજ્ઞાનિક કસોટીઓ તૈયાર કરવાનું કામ કરાવ્યું છે.

વ્યક્તિગત રીતે તેમજ અન્યના સહયોગથી એમણે કરેલ સંશોધનકાર્યોની ઝલક કે.જી.ની પ્રતિભા અને પ્રદાનનો ખ્યાલ આપી રહે છે. સમૂહ બુદ્ધિકસોટી, માધ્યમિક શિક્ષણમાં સ્થગિતતા અને અપવ્યયનો અભ્યાસ, વિવિધ દેશના લોકોની ખોરાક-ટેવો, જાતીયતાના તફાવતના સંદર્ભે શાળેય વિષયોમાં સિદ્ધિનો અભ્યાસ, વિદ્યાર્થીઓની સમસ્યાઓની ઓળખયાદી, ગુજરાતી વિદ્યાર્થીઓ માટે હસ્તાક્ષર માપદંડ, ઝડપ અને ચોકસાઈની કસોટી, કિન્ડરગાર્ટન એજ્યુકેશનની અસરકારકતા, ચિત્ર-વૈફલ્ય કસોટી, સામાજિક-આર્થિક દરજ્જાનો માપદંડ, પ્રકટ ચિંતા માપદંડ, અનુકૂલન સંશોધનિકા, વ્યક્તિત્વ્માપન સંશોધનિકા, વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓ માટે શાબ્દિક-અશાબ્દિક સમૂહ બુદ્ધિકસોટીઓ, કારકૂની કસોટી : બોલો કેટલું બધું?

આવા પ્રતિભાવંત કેળવણીકાર કે.જી.ને શિક્ષણ અને મનોવિજ્ઞાન ઉપરાંત સંસ્કૃતિ, શિલ્પસ્થાપત્ય, લગ્નપ્રથા, કુદરતી સમતુલા, પ્રવાસ વગેરે અનેક બાબતોમાં ઊંડો રસ છે અને તે અંગે તેઓના પોતાના આગવા વિચારો છે; પરંતુ આપણે તો એમને શિક્ષણ સંદર્ભે કશુંક પૂછીએ :

''હાલમાં કેવાં સંશોધનોની આપણને વધુ જરૂર છે?''

''સંશોધનોમાં વિજ્ઞાનક્ષેત્રે આપણે હજુ ખૂબ આગળ વધવાની જરૂર છે. મારું ક્ષેત્ર

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપર)

# ત્રણ પુરાતન વટવૃક્ષો

- કાકાસાહેબ કાલેલકર

નાનપણથી જે જે બગીચાઓ મેં જોયા હતા અને જેમાં મારો જીવ પરોવાયો હતો, તેમને જો એક એક અંજલિ આપવા બેસું તો મારે માટે એક મોટો આનંદનો વિષય થાય. છેક નાનપણમાં કેટલાંક મોટેરાં જોડે એક બગીચો જોવા અમે ગયા હતા. પણ માલિકે અમને અંદર ફરવાની મનાઈ કરી અને નિરાશ થઈને અમે પાછા આવ્યા. એ મારું સૌથી પહેલું સ્મરણ. તે વખતે હું પાંચેક વરસનો હોઈશ. બગીચાને બીજે છેડે મહેલમાં ઊભેલો માલિક મોઢેથી બોલવાની તસ્દી ન લે, કેવળ હાથના ઈશારાથી અમને કાઢી મૂકે, એ ચિત્ર હજીયે તાજું છે. સફળતા કરતાં નિષ્ફળતા જીવનમાં વધારે ઊંડી ઊતરે છે; બીજું શું?

ત્યાર પછીનો બગીચો તે અમારો પોતાનો કારવારનો. એમાંનાં લજામણીનાં પાંદડાંનો સ્પર્શ આજે પણ મને યાદ છે.

પછીનો બગીચો બેળગૂંદીનો મારી માસીનો. એમાંના ગુલાબના છોડ મને રોજ બે-ચાર ફૂલ આપે. ત્યાર પછીનો બગીચો સ્મૃતિમાં ચોંટ્યો છે તે સાંગલીનો. ત્યાં ફૂલો ઉપર મેં એટલાં બધાં ભાતભાતનાં પતંગિયાં જોયાં કે મને ખાતરી થઈ કે ઝાડ ઉપર બેસી બેસી કંટાળે એટલે ફૂલો જ પતંગિયાં બની ઊડવા માંડે છે. સાંગલીના બગીચામાં ગુલછડી (નિશિગંધી)નું એક લાંબું પહોળું પીઠું હતું. રોજ સાંજે નશો કરવા હું ત્યાં જતો. તે વખતે કેળવેલું નાક આજે પણ એટલું જ સુગંધ-રસિક રહ્યું છે.

યરવડા જેલમાં પૂ. બાપુજીને કોઈકે નિશિગંધીના છોડનો એક ગુલદસ્તો આપ્યો હતો. મુલાકાત પૂરી કરી બાપુજી પાછા આવ્યા અને મેં એ ફૂલોની ડાળો લોટામાં રાખી લગભગ આઠ-દસ દિવસ સુધી જીવાડી. સૂતી વખતે ઓશિકા પાસે એ લોટો રાખવાનું હું ભૂલતો નહીં.

બીજો એક બગીચો યાદ આવે છે તે રામદુર્ગનો. મંદિર વ્યંકટેશનું હતું કે કોનું હતું તે યાદ નથી, પણ અમે ત્યાં જ રહેતા હતા. સવારે ઊઠીને ફૂલો લૂંટવાનું ક્રૂર કર્મ ત્યાં હું કરતો એટલે આજે એ બગીચાનું સ્મરણ આનંદ આપતું નથી.

આમ કેટલા બધા બગીચાઓ વર્ણવું? સિલોનમાં કેન્ડીનો અદ્વિતીય પેરેડેનિયા બગીચો, ઊટીનો ગવર્નરનો બગીચો, કલકત્તાનું વાનસ્પત્યમ્, વડોદરાનો કમાટી બાગ, જયપુરનું મ્યુઝિયમ, કાશ્મીરનો ચિનાર બાગ, મૈસુરનું વૃંદાવન : આમ જો એક એક ગણાવવા બેસું તો ૧૦૮ની સંખ્યા સહેજે થાય. આ બધાનું

દેવું માથે છે. અત્યારે તો કેવળ એમનું સ્મરણ કરી જ વિરમું છું.)

૧

'સંસ્કૃતિનો વિસ્તાર' એ લેખમાં હિન્દુસ્તાનના પ્રતીક તરીકે મેં જે ચિત્ર આપ્યું છે, તેમાં એક વિશાળ વટવૃક્ષ તળે એક સાદી રૂપાળી ઝૂંપડીને બારણે વાછરડા સાથે ગાય બાંધેલી છે. અનેક વડવાઈઓના વિસ્તારથી આસપાસનો પ્રદેશ પોતાની છાયા તળે લેનાર પરોપકારી વટવૃક્ષ; ઉનાળામાં ઠંડક અને શિયાળામાં હૂંફ આપનાર ઘાસની ઝૂંપડી; અને આજીવન તેમ જ મરણ પશ્ચાત્ પણ સેવા આપનાર કારુણ્યમૂર્તિ ગૌમાતા; આ ત્રણે વસ્તુઓ આશ્રમ-સંસ્કૃતિની પ્રતિક છે. આ ચિત્રની અંદર હિન્દુસ્તાનની પ્રાકૃતિક પરિસ્થિતિ પણ ચિત્રિત થાય છે, અને હિન્દુસ્તાનનું આર્યહૃદય પણ વ્યક્ત થાય છે.

આપણા લોકોએ ગાયની દયા બહુ ખાધી છે; પણ ગાય ઉપર કાવ્યો બહુ લખ્યાં નથી. નાની નાની બાળાઓ સવારે ઊઠીને, નાહી-ધોઈને ગાયામાતાને ચાંલ્લો કરે છે. અને માની કેડ ઉપર બેઠી બેઠી એની પીઠ ઉપર હાથ ફેરવે છે, ચાટવા માટે પોતાનો હાથ ગાય આગળ ધરે છે, અને ગાયના વાછરડા સાથે એમની પેઠે ગાયની આસપાસ કૂદાકૂદ કરે છે - એ સ્વાભાવિક જીવનકાવ્ય હિન્દુસ્તાનમાં સર્વત્ર જોવાને મળે છે; પણ કવિઓ તો ગાયની દયા ખાતા ખાતા જ થાકી ગયા છે.

પર્ણકુટિનાં વર્ણનો ઋષિઓના આશ્રમ પૂરતાં જ છે. બાકી સામાન્ય લોકોને ચતુઃશાલં ગૃહમ્ અને સૌધવાળા પ્રાસાદો જ જોઈએ છે. ઝૂંપડીનો આનંદ માણવો હોય તો કાઉલે (Cowley) જેવા અંગ્રેજ કવિની 'Mine be a cot beside a hill' જેવી કવિતા જ વાંચવી જોઈએ. ભર્તૃહરિ પણ આવાં સ્થાનો વર્ણવે છે. પણ તે કૌટુંબિક સમાધાન વ્યક્ત કરવા માટે નહીં પણ વૈરાગ્યની સાધના સાધવા માટે.

વટવૃક્ષોનાં વર્ણનો આપણા સાહિત્યમાં જ્યાં ત્યાં મળવાં જોઈએ. બાણભટ્ટની કાદંબરીમાં અચ્છોદ સરોવરને કિનારે પોપટના માળાવાળું જે મોટું ઝાડ છે તે વડનું છે કે નહીં એ અત્યારે યાદ નથી આવતું, પણ વડની વડવાઈઓએ પોતાના વાળ કે પગ બાંધી દઈને તપ કરનાર ઋષિઓનાં વર્ણનો વાંચ્યાનું સ્મરણ છે ખરું.

ગૂજરાત વિદ્યાપીઠની મુદ્રા માટે મેં વટવૃક્ષનું ચિહ્ન સૂચવ્યું તે આવા જ ભાવથી.

એક મહારાષ્ટ્ર કવિ લેખકે હિન્દુ ધર્મને વડવાઈવાળા વડની ઉપમા આપી છે. વડની શાખામાંથી વડવાઈઓ નીકળી જમીન સુધી પહોંચી ગઈ એટલે એ જાણે એક નવું જ ઝાડ થઈ જાય છે. આમ એક ઝાડમાંથી એક આખું વૃક્ષકુટુંબ પેદા થઈ જાય છે, અને પછી અસલી વૈદિક મૂળ થડ કયું એ કહેવું પણ મુશ્કેલ જણાય છે. કોક કોક વાર મૂળ થડ આખું કોહવાઈ જાય છે, પણ બાકીનું વૃક્ષ તાજું ને તાજું જ રહે છે.

હિન્દુસ્તાનનાં આવા વિશાળ વટવૃક્ષ આખી દુનિયામાં વિખ્યાત છે. પરદેશના લોકો જ્યારે આપણા દેશમાં આવે છે ત્યારે આ દેશના એક કૌતુક તરીકે આવાં વૃક્ષો જોઈ આવે છે.

૨

મેં પ્રથમ નામ સાંભળ્યું તે અડિયારના વટવૃક્ષનું. મદ્રાસ જતાંવેંત અડિયાર જઈને ત્યાંના એ વટવૃક્ષનું મેં દર્શન કર્યું. શ્રીમતી ઍની બેસન્ટે એ વડની સારી માવજત રાખી છે. વડ તળેની જમીન સાફ રાખીને એની તળે અનેક પ્રાંતના અને અનેક દેશના ધર્મજિજ્ઞાસુઓ ભેગા થઈ ધર્મચર્ચા કરે, અનુભવની આપલે કરે, અને વખતે ઉજાણી પણ કરે, એવી ગોઠવણ ત્યાં રાખી છે. આ વૃક્ષનો વિસ્તાર અને એની તાજગી બંને ધ્યાન ખેંચે છે. એની તળે જતાંવેંત કોઈ ભવ્ય પુરુષનો સત્સંગ સેવતા હોઈએ એટલી ગંભીરતા અને પ્રસન્નતા મેં અનુભવી. એની જાડી જાડી વડવાઈઓ જોઈને વિચાર આવ્યો કે વચલું થડ તે એક મોટો કુલપતિ છે, અને આસપાસની આ મોટી વડવાઈઓ એ કુલપતિની વિદ્યાપીઠ ચલાવનારા ઉપાચાર્યો છે. એમની વચ્ચે બેસી માણસ ઈશ્વરની ચર્ચા કરે છે, જ્યારે આ વડવાઈઓ ઇતિહાસની સાક્ષીરૂપ હોવાથી માણસની જ ચર્ચા કરતી હશે. કલ્પના ચાલી અને એણે આ વડ તળે કેટલાંયે વાનસ્પત્ય પ્રવચનો સાંભળ્યાં!

૩

મદ્રાસ પહોંચી શક્યો તે પહેલાં જ મેં શુક્લતીર્થના કબીરવડ વિશે સાંભળ્યું હતું. એમ પણ સાંભળ્યું હતું કે કવિવર રવિબાબુએ એ કબીરવડ જોઈને પોતાનું દુઃખ જાહેર કર્યું કે ગુજરાતના લક્ષ્મીપુત્રો પોતાના પ્રાંતના આ ઘરેણાને કેમ સાચવતા નહીં હોય!

ગુજરાતમાં હું લગભગ વીસ વરસ રહ્યો, પણ ઇચ્છા હોવા છતાં, આ કબીરવડ જોવાની તક ન મળી. હમણાં હમણાં રાષ્ટ્રભાષા પ્રચારને અંગે શ્રી અમૃતલાલ નાણાવટી મને ગુજરાતમાં લઈ ગયા. ત્યાં એમણે ગોઠવ્યું કે મારે અવિધા જઈ ગોપાળરાવ કુલકર્ણીની નિશાળ જોવી. એ કાર્યક્રમ ગોઠવ્યા પછી રદ કરવો પડ્યો. પણ ગોપાળરાવ શાના માને? એમણે પોતાના નિરાગ્રહી આગ્રહથી મને હાથપગ બાંધીને અવિધા ખેંચ્યો.

અવિધા જતાંવેંત ખબર પડી કે કબીરવડ અહીંથી બહુ દૂર નથી. નર્મદાના વિશાળ પાત્રમાં એક મોટો સમૃદ્ધ બેટ છે, અને એની અંદર એ પુરાણપુરુષ તપ કરે છે. એ ખબર પડતાંવેંત હૈયું ઉલટ્યું અને પગ કે આંખો ત્યાં પહોંચે તે પહેલાં અનેક વાર ત્યાં એ દોડી આવ્યું. એ વૃક્ષ કેવું હશે, એનાં પાદડાં શાનું રટણ કરતાં હશે, પક્ષી-બાળકો એ ડોસાને કેમ પજવતાં હશે અને જો એ બેટ પર ગાયો હોય તો પોતાનાં શીંગડાં ઘસી ઘસીને એની છાલ કેમ ઉતારતી હશે, એના જ વિચારો મનમાં આવવા લાગ્યા.

સાંજે એક મુસલમાન પોલીસ અમલદાર મળવા આવ્યા. ગામડાના લોકો પોલીસ અમલદાર સાથે હૃદયશૂન્ય પણ વિવેકભર્યો સહકાર કેમ કરે છે એનો મને અનેક ઠેકાણાનો અનુભવ છે. હું પણ મારા પૂર્વજીવનમાં પોલીસ અમલદારોને જોઈને જ ચિડાઈ જતો અને ભડકણ જાનવરોની પેઠે એમને શીંગડાં બતાવતો. પણ હવે એ વૃત્તિ રહી નથી. પોલીસખાતાનાં કાળાં કરતૂતો જાણતા છતાં પોલીસો પ્રત્યે મનમાં ઘૃણા નથી ઊપજતી. એ કાંઈ જુદી કોટિ અથવા જુદી ન્યાત નથી. આપણા જ સમાજના લોકો તક મળ્યે એ ખાતામાં પ્રવેશ કરે છે. જેવો સમાજ તેવું એનું પોલીસખાતું.

એટલે એ ભાઈ સાથે મેં સ્વાભાવિક માણસાઈથી વાતો શરૂ કરી. એ ભાઈ મૂળે બલૂચિસ્તાનના. હિન્દુસ્તાનમાં આવી અહીંની ભાષાઓ શીખી ગયા હતા. એમની વાણીમાંથી સંસ્કારિતા ટપકતી હતી અને વિવેક કેમ સાચવવો એ પણ એ બરાબર જાણતા હતા. સંભવ છે કે રાજ તરફથી એમને અમારી હિલચાર ઉપર નજર રાખવા માટે મોકલ્યા હોય. પણ મને થયું કે, આપણે માણસ માણસ વચ્ચેનો સ્વાભાવિક સંબંધ કેમ ન કેળવીએ? અમે ઘણી વાતો કરી. રાજપીપળા રાજ્ય વિશે, ત્યાંનાં જંગલો વિશે, જંગલનાં જાનવરો વિશે, અને એ જાનવરો વચ્ચે રહેનાર બેપગા લોકો વિશે એમની પાસેથી મેં ઘણું જાણી લીધું.

કબીરવડ જવાની શી શી સગવડ-અગવડો છે એ વિશે પૂછવાનું હું કેમ જ ભૂલું! એ ભાઈએ જરૂરી માહિતી મને પૂરી પાડી. પણ પછી એને થયું કે આપણે પોતે જ આ પાર્ટી જોડે કાલે કબીરવડ કેમ ન જઈએ? મેં મનમાં વિચાર કર્યો કે પોલીસ અમલદાર સાથે હોય તો અમુક સગવડો સચવાશે, પણ આમજનતાથી મારી સાથે હૃદય ખોલીને વાત નહીં થાય, પોલીસનાં દર્શનથી આમજનતાનું હૃદય-કમળ બિડાઈ જાય છે.

પણ અમારે તો ઉતાવળે પ્રવાસ કરવો હતો, કબીરવડનાં દર્શન ઉપરાંત બીજો કશો સંકલ્પ હતો જ નહીં એટલે ભાઈ કાસમખાનની અમારી સાથે આવવાની સૂચના મેં સહર્ષ વધાવી લીધી. અમારે મોટરમાં નાનાંમોટાં ખેતરો વટાવી નદીના કિનારા સુધી જવાનું હતું. ત્યાં એક હોડીમાં બેસી પ્રવાહનું વલણ તપાસી, નાનામોટા આરાઓ ટાળી, વાંકેચૂંકે જળરસ્તે કબીરવડના બેટ સુધી પહોંચવું હતું. એ બેટનો વિહાર પૂરો કરી, પેલી બાજુનો રેતીનો પહોળો પટ ખૂંદી, ફરી હોડીમાં બેસી બાકીનો પ્રવાહ પૂરો કરવો હતો. અને સામે કાંઠે બસને વખતસર પકડી ભરૂચ જવું હતું. એ આખો કાર્યક્રમ અમારા આ નવા મિત્રે વ્યવસ્થિત ગોઠવ્યો એટલું જ નહીં, પણ અમારા જેટલા જ ઉત્સાહથી એ પોતે એમાં ભળ્યા. પગપાળા મુસાફરીમાં પગ ચાલે અને વાતો ન ચાલે તો એમાંથી અડધો જ આનંદ

મળવાનો. અમારા નવા મિત્ર મુખદુર્બળ પણ ન હતા અને વાતોને ઠેકો લઈ પોતાનું જ હાંક્યે જનાર વાતૂડિયા પણ ન હતા; એટલે અમારો સંઘ બહુ સુંદર રીતે યાત્રાનો કસ કાઢી શક્યો. ગોપાળરાવ કુલકર્ણી સાથે તો કેટલાંય વર્ષોની વાતો કરવી હતી. ચિ. મથુરીના શાસ્ત્રીય તેમ જ લોકસંગીતના લલકાર સાંભળવા હતા. ગોપાળરાવભાઈના એક માનીતા મિત્ર પણ અમારી સાથે હતા. બધા જ સેવા કરવાને ઉત્સુક, આનંદ આપવા અને લેવા આતુર. અમે મોટરમાં ઊપડ્યા અને અમારા કેટલાક સાથીઓ ઘોડાગાડી કરી, વચલે રસ્તે સીધા કાંઠા તરફ દોડ્યા એટલું જ નહીં, પણ મોટર પહેલાં ત્યાં પહોંચી પણ ગયા! કોઈ ગામડિયો માણસ આશ્ચર્યચક્તિ થઈને શહેરની શેરીઓમાં ફરે એમાં મને જેટલું કાવ્ય જડે છે, તેટલું જ કાવ્ય કોઈ નાગર-મોટર રસ્તા વગરનાં ગામડિયાં ખેતરોમાંથી પોતાનો રસ્તો શોધતી ફરે અને શોધખોળનો આનંદ મેળવે, એમાંથી પણ મળે છે.

અમારા મેજબાનો અમને બતાવતા જાય કે અમુક વરસે પાણીની રેલ અમુક હદ સુધી આવી હતી, ગયે વરસે પેલાં ખેતરો તણાઈ ગયાં હતાં, દસ વરસ પહેલાં આ નદી અમુક દિશાએ વહેતી હતી, અને પ્રાચીનકાળમાં પેલું મંદિર નદીને કાંઠે હતું. ભૂગોળની અને ભૂસ્તરશાસ્ત્રની નજર જેની પાસે હોય તેને આવી માહિતીમાંથી કેટલાંયે અનુમાનો કાઢવાનું સૂઝે છે. કહેનાર લોકોને ખબરે નથી પડતી કે તેમણે આપેલી માહિતીનો કેટલો કીમતી ઉપયોગ થાય છે.

મેં અમારા પોલીસ અમલદારને પૂછ્યું કે કબીરવડવાળો બેટ રાજપીપળા સ્ટેટમાં છે કે ખાલસા મુલકમાં ગણાય છે. એ રાજનિષ્ઠસેવકે થોડી ગમગીની સાથે કહ્યું કે એ બેટ પહેલો હતો તો અમારો, પણ ભાગ્યવશાત્ ખાલસામાં ગણાઈ ગયો.

કોઈ બેટ કે જમીન ભાગ્યવશાત્ એક માલિકની મટી બીજા માલિકની કેવી રીતે થઈ શકે એનું કુતૂહલ જાગવાથી મેં એમને વિગત પૂછી.

બન્યું એવું કે રાજપીપળા અને બ્રિટિશ રાજ્ય વચ્ચે નર્મદાની સરહદ મુકરર થઈ. હવે આ બેટની બંને બાજુએ નર્મદાનો પ્રવાહ વહે છે એમાં કયો મુખ્ય પ્રવાહ ગણવો? જે મુખ્ય પ્રવાહ હોય એ જ બે વચ્ચેની સરહદ થઈ શકે એ તો દેખીતી વાત છે. પણ બે શાખા વચ્ચે પ્રધાનતાનો નિવેડો કોણ આણે? એટલે ભાગ્યની પરખ કરવાનું નક્કી થઈ ગયું.

બેટથી ઉપર જ્યાં પ્રવાહ એક જ છે, ત્યાં મઝધારે કેટલાંક તૂમડાંઓ પ્રવાહમાં છોડવામાં આવ્યાં. હવે એ તૂમડાંઓ જે પ્રવાહ પસંદ કરે તે મુખ્ય પ્રવાહ ગણાય, અને બીજો ગૌણ. તે વખતે અંગ્રેજોનું નસીબ સિકંદર હતું. રાજપીપળા રાજ તરફનો જે પ્રવાહ હતો તે જ પેલાં તૂમડાંઓએ પસંદ કર્યો અને

કબીરવડવાળો બેટ ખાલસા થઈ ગયો. મેં મનમાં વિચાર કર્યો કે તે વખતના લોકોને દુઃખ થયું હશે કે આ પવિત્ર બેટ દેશના એક ક્ષત્રિય રાજાના હાથમાં ન રહેતાં, વિધર્મી અંગ્રેજોના હાથમાં ગયો. આજના સ્વરાજના દિવસોના વખતે આપણને થશે કે સારું થયું કે તૂમડાંઓએ રાજપીપળાવાળો પ્રવાહ પસંદ કર્યો, નહીં તો આ બેટ પ્રજાના હાથમાં આટલો વહેલો ન આવત. આંધળાં તૂમડાં ક્ષત્રીવટનું મહત્ત્વ શું જાણે અને સ્વરાજનું પણ મહત્ત્વ શું જાણે? અદૃષ્ટ હંમેશાં આંધળું જ હોય.

ગુજરાતની ઉપજાઉ ભૂમિ અને નર્મદાનો કાંપ, પછી પૂછવું જ શું? સોનું વાવો તો હજારગણું સોનું ઊગે. અહીં નર્મદાકિનારે જ્યાં મકાઈ વાવવી જોઈએ ત્યાં ધનલોભી ખેડૂતો તમાકુ વાવે છે, અને એનાં મોટાં મોટાં પાંદડાં જોઈ મનમાં રાચે છે. મેં વિચાર કર્યો કે આ પાંદડાં પાકાં થઈને સુકાશે પછી લોકો એની સિગાર અથવા બીડી બનાવશે, અને એનો ધુમાડો કરી પૈસો, બુદ્ધિ અને તંદુરસ્તી ત્રણેનો નાશ કરશે. નર્મદા માતાને થતું હશે કે, અમરકંટકનાં જંગલોમાંથી અને ભેડાઘાટના સંગેમરમરના પહાડ પાસેથી જે કાંઈ કીમતી તત્ત્વો લઈ આવું છું તેનો ઉપયોગ આ અભાગિયા લોકો તમાકુ ઉગાડવામાં કરે છે. ત્યારે મારે શું કરવું?

અમે જેમ તેમ તમાકુનાં ખેતરો વટાવી વડ પાસે પહોંચ્યા. અવિધા છોડ્યું ત્યારથી એ વડનાં દર્શન દૂરથી થતાં હતાં. દર્શન પરથી એમ જ લાગતું કે આપણે એક જંગલ જોઈએ છીએ. એક વડ આટલો પહોળો હોતો હશે એનો ખ્યાલ પણ મનમાં ન આવે. જ્યારે પાસે પહોંચ્યા ત્યારે એની ઘટા નીચે અનેક ગાય બળદો બાંધેલાં હતાં. આવું દશ્ય નાનપણ વટાવ્યા પછી મેં જોયું ન હતું. જૂના જમાનામાં પાછો પ્રવેશ કર્યો હોય એટલો આનંદ થયો. વાડમાં બાકોરું ક્યાં છે એ શોધતાં શોધતાં અમે અંદર ઘૂસ્યા ત્યાં તો ભારતવર્ષનું કોઈ અવિભક્ત કુટુંબ એક આખું ગામ વસાવીને રહ્યું હોય તેવી રીતે કબીરવડનાં દર્શન થયાં. મારા મનમાં તરત એક જ વિચાર આવ્યો કે આ પુરાણપુરુષને હું શી રીતે ગાઉં? એને પોતાને જ ખબર નથી કે પોતાનો વિસ્તાર ક્યાં કેટલો છે. એને જ્યાં મારગ મળ્યો ત્યાં એણે ઊગી લીધું અને વડવાઈઓ તો એક કુળની હોવા છતાં અંદર અંદર હરિફાઈ ચલાવે. જ્યાં વડવાઈઓ વધારેમાં વધારે હતી ત્યાં અમે આસન જમાવ્યું. ગામડિયા લોકોએ પોતાના સનાતન સ્વભાવ પ્રમાણે અમારી પરોણાગત માટે દોડંદોડા કરી. અમારી વાતો ચાલી. લાલ તરબૂચ વગર તકરારે પેટમાં પહોંચવા લાગ્યાં. દરેકનો સંતુષ્ટ આત્મા સંગીત માગવા લાગ્યો. અમારી સાથે પંડિતજીની મથુરી હતી, અમૃતલાલ નાણાવટી હતા, સંગીત સાંભળી ડોલનારી શાખાઓ હતી, અને તમારા સંગીતની અમને પડી નથી એમ સક્રિય કહેનારાં પક્ષીઓ હતાં. સંગીતનો રાગ સરસ જામત; પણ મેં મથુરીને એવું એક ભજન ગાવાનું કહ્યું કે જે

ગાવાની એની વૃત્તિ ન હતી. મેં મારી વૃત્તિ અંતર્મુખ કરી દીધી અને પછી તો ભગવાન સનાતન કાલનું અખંડ સંગીત સાંભળવા લાગ્યો. ધીમે ધીમે હૈયું ભરાય, ફુલાય અને ફાટે એવા એના આરોહઅવરોહ ચાલતા હતા. જાણે સાગરનો હરીફ. ઈતિહાસનો પરિચિત હું એ સંગીતમાં જૂના નવા રાજાઓનાં પરિચિત નામો સંભળાય છે કે શું તે તપાસવા લાગ્યો, પણ કાળની તવારીખમાં આ રાજાઓ તો કોટશ્ય કીટાયતે। જ્યાં માણસનો ઈતિહાસ જ ક્ષણલવ જેવડો ત્યાં આ રાજાની કારકિર્દી શી રીતે વ્યક્ત થાય? એ સંગીતમાં મોટે ભાગે ભૂસ્તરશાસ્ત્ર જ હતું. જ્વાલામુખી ફાટે, મોટા મોટા ખંડો જળસમાધિ લે, નદીઓ પોતાની દિશા ફેરવે, અને મોટાં મોટાં તળાવોમાંથી ગરમ પાણીના ફુવારા ઊડે, એના જ રાગો મેં પ્રથમ સાંભળ્યાં. ત્યાર પછી કેવળ પોતાની સંખ્યાથી જ પ્રચંડ કામો કરી બતાવે એવા સૂક્ષ્મ કીડાઓ ઊલટ્યા. એ કીડાઓનું એક મહારાજ્ય સમુદ્ર તળે પહોંચી, ચણતર શરૂ કરે અને સાગર એનો વિરોધ કરે. સાગર આંધળો અને આ સૂક્ષ્મ કીડો સંકલ્પવાન, એટલે વિજય તો એમનો જ થાય. હજારેક વરસની અંદર એક રૂપાળો ગોળ બેટ એમણે તૈયાર કર્યો.

પુરાણો કહે છે કે બ્રહ્મદેવની સૃષ્ટિ જોઈ વિશ્વામિત્રને અદેખાઈ થઈ અને એણે પ્રતિસૃષ્ટિ નિર્માણ કરી. જ્યાં બ્રહ્મદેવે એક માથાનો માનવી બનાવ્યો, અને જ્યાં કવિઓએ દસ માથાંનો રાવણ કલ્પ્યો, ત્યાં વિશ્વામિત્રે સેંકડો માથાનાં નાળિયેરનાં ઝાડ ઉગાડ્યાં. મને લાગે છે કે આપણા ગોળ બેટો ઉપર વિશ્વામિત્રે નાળિયેરનાં ઝાડ ઉગાડ્યાં પછી જ બ્રહ્મદેવને માનવીને બનાવવાનું સૂઝ્યું હશે! પછી તો વાંદરાંઓ આવ્યાં. એમણે પોતાનાં પૂંછડાં વતી જીવતી સાંકળ બનાવી, નદીઓ ઓળંગવાની કળા કેળવી અને પોતાના વસવાટ વધાર્યા.

ચટાપટાવાળા વાઘ બિચારા આવી કશી યુક્તિ જાણે નહીં. રાત્રે ઝાડ તળે ઊભા રહી પૂંછડી પટપટાવતા એણે એક ત્રાડ પાડી કે કેટલાંય વાંદરાંઓ ઝાડ પરથી ટપ ટપ પડી જાય અને વાઘની એક ઉજાણી પૂરી થાય. વાંદરાંઓએ આખરે શાખમૂળમાં સૂવાનું છોડી દીધું અને તેઓ પોતે પડી ન જાય એવા માળા બાંધતાં થયાં.

રાજાઓના ઈતિહાસ કરતાં જીવનની દૃષ્ટિએ આ બધી શોધખોળો કેટલી મહત્ત્વની! એક પછી એક ચિત્ર નજર આગળ આવી ઊભું થાય અને એનો હું ફોટો પડાવું તે પહેલાં જ અલોપ થાય. ઈતિહાસક્રમ એટલા તો જોરથી દોડતો હતો કે આંખે ચક્કર આવ્યાં અને કેવળ કાન વડે જ ઐતિહ્ય રાગના આરોહઅવરોહ સંભળાવા લાગ્યા. નર્મદાની સંસ્કૃતિ હિન્દુસ્તાનમાં સહુથી પ્રાચીન. એની વાત જ્યારે વડની વડવાઈઓમાં રમતા વાયુએ શરૂ કરી ત્યારે કાન જાણે મહાભારત સાંભળવા બેઠા હોય તેમ એકાગ્ર થઈ ગયા. કબીરવડનાં

બાહ્યદર્શનો ભવ્ય છે જ પણ આ આંતરિક દર્શન અલૌકિક હતું.

અમે વડ તળે ફરવા લાગ્યા. એટલો બધો મોટો વિસ્તાર કે મનને થયું કે આ તો આકાશ જ નીચે ઉતરી આવ્યું છે અને તારાઓએ પાંદડાનું રૂપ ધારણ કર્યું છે! જે પાંદડું ખરી પડે તે ઉલ્કાનું સ્મરણ કરાવે. એક કિનારે બેટમાં ભેખડ હતી. એણે કહ્યું કે આ બાજુ કેટલો મોટો વિસ્તાર હતો, પણ નદીમાં રેલ આવી, બેટનો ખાસો સરખો હિસ્સો તણાઈ ગયો અને એની સાથે વટવૃક્ષની એક મહાશાખાનો વિસ્તાર પણ અલોપ થઈ ગયો. આવે ભવ્ય ઠેકાણે જો મંદિર ન હોય તો હિન્દુ જાતિની લાજ જાય. મંદિર તો જોઈએ જ પણ અહીંનું મંદિર જોયા પછી ખાતરી થઈ કે મંદિર બાંધતાં છતાં લાજ ટકી નથી. આટલું ભમરાળું અને અસંસ્કારી મંદિર આખા હિન્દુસ્તાનમાં મેં બીજે જોયું નથી. કબીરવડના ઘડપણની દયા છૂટે તે કરતાં માણસની કલાભિરુચિના અણઘડપણની વિશેષ દયા છૂટી.

ત્યારે શું કાશીવાસી ભગવાન કબીર ખરેખર અહીં આવીને બિરાજ્યા હતા? કે એમના કોઈ નામેરીએ આ સ્થાન પસંદ કર્યું હતું? અને એમના વખતમાં આ ઝાડ કેવું દેખાતું હશે? આજે આ ઝાડની ભવ્યતા જોઈને પણ એને વિશે બીક અને આદર મનમાં પેદા થવાને બદલે ગમગીની અને દયા જ મનમાં ઊઠે છે, કેમ કે હિન્દુ ધર્મની પેઠે આ વડની પણ દુર્દશા જ છે. અમુક અમુક રેલમાં બેટ સાથે આ વડનો પણ અમુક ભાગ તણાઈ ગયો. અમુક થડો અને શાખાઓ કોહવાઈ ગયેલાં દેખાય છે. મોગલ સામ્રાજ્યમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની પોતાને માટે સ્થાન કરી લે તેમ, કેટલાંક ધીટ ઝાડ આની છાયા તળે પોતાનું માથું ઠીક ઠીક ઊંચું કરી શક્યાં છે. આ વટવૃક્ષ પુરાતન છે એ સંતોષ સાથે એ સનાતન રહેશે એવો વિશ્વાસ મનમાં નથી બેસતો. અંતે બધું જવાનું છે. આ કબીરવડ પણ થોડાક જમાનાનો જ મહેમાન છે એવો વિચાર મનમાં આવ્યા વગર રહેતો નથી. જીવશે બહુ બહુ તો હજારેક વરસ વધારે, એમ મનમાં થઈ આવે છે અને મન ગમગીન થાય છે. એની સાથે બીજો વિચાર મનમાં આવ્યો : હજાર વરસની મહેતલ પણ જેને સંતોષ આપતી નથી એ માનવી મન કઈ સનાતનતાનું પ્રતિનિધિ હશે?

આનો જવાબ આત્માની સુરતા સાધનાર કબીર જ આપી શકે. હું માનું છું આજે જો કબીરસાહેબ અહીં પધારે તો ચિડાઈને કહેશે કે, ''મારે નામે બાંધેલું આ મંદિર અહીંથી ખસેડો. આ ઝાડની છાયા તળે મંદિર બાંધવા કરતાં આ વટવૃક્ષ જેની અંદર સહેજે સમાય એવું કુદરતી મંદિર જ આપણે માટે બસ છે. ચાર દિશા જેની દીવાલ છે, આકાશનો ચંદરવો જેનો ગુંબજ છે, ચંદ્રસૂર્ય જેના દીપક છે, અને જેના દરવાજા અને ગવાક્ષોની જ્યાં સીમા જ નથી, એવું વિરાટ મંદિર મોજૂદ હોવા છતાં, આ ઈંટ-ચૂનો અને ભમરાળાં પતરાં અહીં ચણવાનું તમને ક્યાંથી સૂઝ્યું?''

કબીરવડને છાજે એવું ઈંટ-ચૂનાનું મંદિર અહીં બાંધવું અશક્ય નથી. ગંગાને કિનારે નવ લાખ રૂપિયા ખરચી સ્વામી વિવેકાનંદના ગુરુભાઈઓએ અને શિષ્યોએ શું ઓછું રૂપાળું મંદિર ચણ્યું છે? ભક્તિની ભવ્યતા હોય તો આજે પણ વિરક્ત કબીરને લલચાવે એવું મંદિર બાંધી શકાય છે.

રેતીનો લાંબો પટ ખૂંદ્યા પછી બીજી હોડીમાં બેસીને અમે સામે કાંઠે કેમ ગયા અને સાથે આવેલા બધા ભાઈઓની વિદાય ત્યાં કેમ લીધી એની વિગતમાં ઊતરવાનું આ સ્થાન નથી.

૪

ગુજરાતથી પાછો ફર્યો અને થોડા જ દિવસોમાં ગાંધી સેવા સંઘના વાર્ષિક અધિવેશન માટે માલિકાન્દા જવાનું થયું. થોડાક વહેલા ઊપડીને અમે બે દિવસ કલકત્તામાં રહ્યા. કલકત્તાનાં જોવાલાયક સ્થળો અનેકવાર જોઈ આવ્યો છું, પણ ત્યાંનો બૉટેનિકલ ગાર્ડન મેં જોયો ન હતો. ત્યાં પણ એક મોટો વડ છે. એની મને ખબર હોત તો ક્યારનોય ત્યાં પહોંચ્યો હોત. આ ફેરે અમે ચિ.કાંતિલાલ મહેતાને ત્યાં ઊતર્યા હતા. એણે મને કહ્યું કે, 'સાંજે આપણે બૉટેનિકલ ગાર્ડનમાં જઈશું.' મને બગીચાઓ જોવાનું ગમે છે, પણ બૉટેનિકલ ગાર્ડન જેવું અરસિક નામ સાંભળવાનું ગમતું નથી. મેં તરત એ બગીચાનું નામ પાડ્યું 'વાનસ્પત્યમ્'; એને હું 'વનોદ્યાન' કહી શકત, 'પાદપવિહાર' પણ કહી શકત. અમે સંધ્યા સમયે વાનસ્પત્યમ્ પહોંચી ગયા. કલકત્તાનો આ બગીચો ખરેખર આ બ્રિટિશ રાજધાનીનું ઘરેણું છે. અડિયારના વડ કરતાં અહીંનું આ વટવૃક્ષ વધારે મોટું અને ભવ્ય છે. આની સંભાળ પણ ઠીક ઠીક લેવાઈ છે. આને જોઈને મન પ્રસન્ન થાય છે, પણ ભક્તિનો ઊભરો આવતો નથી. ઝાડની ચારે બાજુ મોટરનો રસ્તો છે એટલે હવે વધુ વિસ્તારને અવકાશ રહ્યો નથી. પાસેની ચાની હોટલો કહે છે કે ઝાડ તળે તમે મોજ માણી શકો પણ ભક્તિ જેવો આત્માનો ખોરાક તમને અહીં ન મળે. નાના પાટિયા ઉપર અંગ્રેજીમાં આ વડના થડનો ઈતિહાસ પણ લખાયો હતો કે જમીન સુધી પહોંચેલી આની વડવાઈઓ આટલી છે, વચલું થડ અમુક ઠેકાણે હતું, ઝાડની ઉંમર અમુક વરસની કહેવાય. શોધખોળ કરવાની કશી જ જરૂર નથી, આ પાટિયું વાંચતાં આવડે કે બસ; એટલે કે, આ સગવડ હિન્દુસ્તાનમાંના સો માણસ દીઠ એક માણસ પૂરતી જ હતી. બ્રિટિશ રાજધાનીમાં એમ જ હોઈ શકે.

અહીં બેઠાં બેઠાં અડિયારના વડની અને કબીરવડની સ્મૃતિ તાજી થઈ. મદુરા પાસે તેમજ ગુજરાતના ગાયકવાડી ભાદરણ પાસે આવાં જ પણ નાનાં બચ્ચાં જેવાં લાગતાં વડવાઈવાળાં વૃક્ષો જોયાં હતાં એમનું સ્મરણ થયું.

અંદર જતાં અમે જોયું કે જ્યાં મૂળ થડ હતું ત્યાં એનું હવે નામ-નિશાન નથી. કોહવાઈ ગયું, શાળાઓ કાપી નાખવી પડી. નીચલી

જમીન પણ સાફ કરવામાં આવી. એટલે જ્યાં મોટામાં મોટું થડ હોવું જોઈતું હતું ત્યાં જગા કોરી કાઢી છે અને ઉપર પાંદડાંનો વિસ્તાર ન હોવાથી ખુલ્લું આકાશ દેખાય છે, ચારે કોર વડવાઈઓ અને એમનાં પાંદડાંનો વિસ્તાર અને વચમાં જ આ ખુલ્લો ભાગ જાણે ભગવાનની કોઈ સુંદર મૂર્તિની રાહ જુએ છે. વૃક્ષની આ વીંટી મૂળ થડની સ્મૃતિને જ અર્પણ કરવી જોઈએ.

વડ તળે ઊભાં ઊભાં નારિયેળના ડાબનું પાણી પીતો હતો. એટલામાં મન લાખો વરસની યાત્રા કરી ગંગા નદીના બાળપણ તરફ પહોંચ્યું. ભૂસ્તરશાસ્ત્રીઓએ ગંગાને કિનારે ખોદાણ ચલાવી કાંપ કેટલો ઊંડો છે એ શોધી કાઢ્યું છે અને તે પરથી નક્કી કર્યું છે કે ગંગા નદીની ઉંમર લગભગ સાત લાખ વરસની છે. તે વખતથી અહીં હર સાલ રેલ આવતી હશે અને કાંપનાં પડ એક ઉપર બીજાં બાઝી જતાં હશે. એ રસાળ કાંપમાં કેટલાંયે વટવૃક્ષો ઊગ્યાં હશે અને રેલમાં તણાઈ ગયાં હશે. એ વટવૃક્ષોનો આ કેટલામો વંશજ છે એ કોણ કહી શકે? આના ભાગ્યમાં હજી કેટલાં વરસ હવા ખાવી રહી છે એ પણ કોઈ કહી શકે? આ બધો વડવાઈઓનો વિસ્તાર અંતે કોહવાઈ જશે, કે પાણીમાં તણાઈ જશે, કે ભૂકંપથી જમીનમાં દટાઈ જશે, એના કોલસા થશે કે ફૉસિલ, એ પણ કોણ કહી શકે?

લંકામાં અનુરાધાપુરમાં અશોકના જમાના જેટલું જૂનું એક બોધિ-વૃક્ષ છે. એ વૃક્ષ જેમ ઘરડું થતું જાય તેમ ત્યાંના લોકોએ એના મૂળમાં માટી નાખી, એને ઊંચું બનાવી, એને નવું યૌવન આપ્યું છે. આવી રીતે એ પીપળને એક ઉપર એક એવાં પાંચ પાર (ઓટલા) બાંધીને લંકાના લોકોએ એ અશ્વત્થને શાશ્વત જેવો બનાવ્યો છે. કહે છે કે એક વરસે બોધિવૃક્ષનાં પાંદડાં ખરી પડવા લાગ્યાં. લોકોનો થયું કે હવે આ વૃક્ષ નિર્વાણ પામશે. આખા સિલોનમાં હાહાકાર વર્ત્યો. દૂર દૂરથી લોકોએ દૂધના ઘડા ભરી આણી એનાં મૂળિયાંનું સિંચન કર્યું અને એ વૃક્ષ અંતે ચ્યવન ઋષિની પેઠે ફરી જુવાન થયું.

ત્યારે આપણાં આ વટવૃક્ષોનો કાયાકલ્પ કરવાનો કોઈ ઇલાજ નથી? પટણાના અજાયબ-ઘરમાં સંથાલ પ્રદેશના લાખો વરસના જૂના એક ઝાડનું ફૉસિલ રાખવામાં આવ્યું છે. એ જોઈને એક જાતનો ભાવ મનમાં પેદા થાય છે. અનુરાધાપુરના પુરાણ બોધિવૃક્ષને જોઈને બીજો ભાવ મનમાં આવે છે. હા, એ બોધિવૃક્ષ પુરાણ જ છે; 'પુરા અપિ નવં પુરાણં'! એટલો પ્રાચીન છતાં એટલો તાજો અશ્વત્થ જોઈ મેં જે આનંદનો રોમાંચ એની તળે અનુભવ્યાં તે પટણાના અજાયબ-ઘરના કે કલકત્તાના અજાયબ-ઘરના પ્રાચીન ફૉસિલ જોઈ શી રીતે ઉત્પન્ન થાય? જીવન તે જીવન.

અડિયાર, કબીરવડ અને કલકત્તાનું વાનસ્પત્યમ્ એ આ રીતે આપણાં ત્રણ તીર્થસ્થાનો છે, જોકે દરેકનું માહાત્મ્ય જુદું.

# દેશે આઝાદીના કરેલા વધામણાં

- પાલખીવાલા અમિતા મનુભાઈ

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ની સવાર. ભારે ખુશીઓ લઈને આવ્યો આ દિવસ. ભારતને સ્વતંત્રતા મળી અને નવા યુગની શરૂઆત થઈ. આગલા દિવસે સતત વરસાદ હતો, પરંતુ બીજા દિવસની સવાર શાંત હતી. સૂર્યના આગમન પહેલાં જ આકાશ પોતાનું અદ્ભુત સૌંદર્ય પાથરીને ઊભું હતું. ધરતી ડોલી ઊઠી હતી. પક્ષીઓ સ્વાગત ગીત લલકારતા હતા. આખું આકાશ તેજસ્વી રંગોથી ખીલી ઊઠ્યું. આઝાદ ભારતનો નવ અરૂણોદય થયો. ક્ષિતિજ સુધી નવચેતન પ્રગટ્યું હતું. ચોમેર આનંદની સરવાણીઓ વહેતી હતી. સ્વતંત્રતાના ત્રિરંગા ધ્વજને પોતાની આંખોથી લહેરાતો જોવા લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં. ફૂલોની સોગાદ અને રંગોની રમણા લઈને દેશ 'આઝાદીના વધામણાં' કરવા આતુર હતો. અને એ ક્ષણ આવી પહોંચી જ્યારે પંડિત જવાહરલાલ નહેરુએ ૧૪-૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ મધ્યરાત્રિએ 'ટ્રીસ્ટ વીથ ડેસ્ટીની' - અંગેનું કાવ્યાત્મક પ્રભાવક પ્રવચન દિલ્હીની બંધારણ સભામાં કર્યું. (નહેરુની આ સ્પીચ દુનિયાની સૌથી પ્રભાવક વીસ સ્પીચમાં સ્થાન પામે છે.) જે ભારતમાં બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામે ભારતીય સ્વતંત્ર ચળવળની વિજય પરાકાષ્ઠા દર્શાવતું સીમા ચિન્હરૂપ વક્તવ્ય છે.

આમ તો ઑગસ્ટ મહિનામાં પ્રથમ દિવસથી જ આઝાદીની ઉત્તેજના લોકોમાં શરૂ થઈ ગઈ હતી. અખબારોમાં જુદી જુદી જાહેરાતો પ્રસિદ્ધ થવા લાગી. ઝંડા, તોરણો, ફટાકડા, ફુગ્ગા, શરબત, મીણબત્તી, રંગબેરંગી ઝબકતી લાઈટો, ખેસ વગેરે અંગેની જાહેરાતો શરૂ થઈ. સમગ્ર ગુજરાતના નાના મોટા ગામડાઓ, નગરો તેમજ મહાનગરોમાં લોકોએ ઘણા દિવસ પૂર્વેથી જ કમાનો, તોરણો, મંડપ, ઝંડાઓ, મોટા દરવાજાઓ, રાષ્ટ્રીય નેતાઓની મોટા કદની છબીઓ, રંગબેરંગી લાઈટોથી મુખ્ય ઈમારતો વગેરે શણગારવાનું શરૂ કર્યું હતું. સોસાયટીઓ, મોહલ્લાઓ, પોળો, ગલીઓ, શેરી કે મુખ્ય માર્ગો ઘણા દિવસથી રોશની કે દીપમાળાથી ઝળહળી ઊઠ્યા હતા. બજારના વેપારીઓએ સુશોભનની સ્પર્ધાઓ શરૂ કરી હતી. અખબારોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સૂચનાઓ આપવામાં આવી. ક્યાંક આતશબાજીના કાર્યક્રમો યોજાયા, તો ક્યાંક સમૂહ ભોજન સમારંભ, રમતગમત, ગ્રામ સફાઈ જેવાં સાર્વજનિક કાર્યક્રમો યોજાયા. યુવાનોએ મોટા વૃક્ષોને પણ રંગબેરંગી લાઈટોથી ઢાંકી દીધા હતા. આમ લાખો ઝંડાઓ અને વીજળી લાઇટોની રોશનીના ઝગમગાટ વચ્ચે સમગ્ર ગુજરાત

આઝાદીનો જન્મોત્સવ ઉજવવાની તૈયારી કરતું હતું. મોડી રાત સુધી લોકોના ટોળેટોળા એક જગ્યાએથી બીજી જગ્યાએ સુશોભન જોવા માટે ફરતા હતા અને મિઠાઈઓ વહેંચતા હતા અને પરસ્પર શુભેચ્છા પાઠવતા હતા.

હિન્દની ગુલામીનો અંતિમ દિવસ અને મધ્યરાત્રિએ હિન્દ આઝાદ થશે. 'યુનિયન જેક' નીચે ઉતરશે. ગુલામીના કલાકોનું કાઉન્ટ ડાઉન ચાલુ થયું. ૧૪મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ સામાન્ય ગુજરાતીઓ સહિત ભારતવાસીઓમાં હર્ષોલ્લાસ હતો. મુક્તિનો શ્વાસ લેવા લોકો તલપાપડ હતા. જેના રૂધિરથી આઝાદ હિન્દની ઈમારતના પાયાનું ચણતર થયું છે, એ હિન્દના હજારો યુવાનો, યુવતીઓ, માતાઓ, અબાલ-વૃદ્ધ એમ સહુનું સ્મરણ કરીને નમન કરવાનો યાદગાર દિવસ આખરે આવી ગયો હતો.

૧૪મી ઑગસ્ટની મધરાત... ૧૫મી ઑગસ્ટના આગમનની છડી પોકરતા ઘડિયાળના ટકોરાનો ટંકારવ પૂરો થયો અને એક નવા યુગનો આરંભ દેશમાં થયો. હિન્દના બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદના નવી દિલ્હી ખાતેના પોતાના મકાનના બગીચામાં અગ્નિ પ્રગટાવીને વૈદિક ઋચાઓના મંત્રોચ્ચાર કરતા બ્રાહ્મણો બેઠા હતા. બ્રાહ્મણોના પવિત્ર મંત્રોચ્ચાર સાથે સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનો બનનારા સ્ત્રી-પુરુષોએ પ્રદક્ષિણા કરી. બ્રાહ્મણોએ સૌના પર પવિત્ર જળના છાંટા નાખ્યા, કપાળમાં કુમકુમ તિલક થયા અને સૌ સંવિધાન સભાના હોલ તરફ ચાલ્યા અને છેલ્લા કાગળિયાઓ પર સહી થઈ. બબ્બે વિશ્વયુદ્ધોમાં વિજયપતાકા લહેરાવનાર બ્રિટિશ સલ્તનતનો યુનિયન જેક કાઠીએથી નીચે ઉતારવામાં આવ્યો. નહેરુની સામે નવા જન્મ લેતા દેશના પ્રતિનિધિઓ ગોઠવાયા. દુનિયામાં ક્યાંય જોટો ન મળે તેટલી સંસ્કાર, ધર્મ, ભાષા અને જાતિની વિવિધતા અહીં એકઠી મળી હતી. બરાબર મધરાતે ઘડિયાળમાં બને કાંટાઓ રોમન લિપિમાં લખાયેલ બારના (XII) આંકડા પર ભેગા થયા ત્યારે એ ટકોરા સાથે એક યુગનો અંત આવ્યો અને એક રણશિંગુ વગાડનારના વિજયી શંખનાદથી એક રાષ્ટ્રના જન્મની જયઘોષણા થઈ.

દિલ્હીમાં પર્વની ઉજવણી રોશનીથી થઈ. રાજધાની ઝળહળી ઊઠી. નવી દિલ્હીના કોનોટ સર્કલ અને જૂની દિલ્હીની ગલીઓમાં ઠેર ઠેર લીલા, ભૂરા અને નારંગી દીવાઓથી મંદિરો, મસ્જિદો અને ગુરુદ્વારાઓ શણગારવામાં આવ્યા હતા. મોગલ શહેનશાહોના લાલ કિલ્લાને પણ રોશનીથી સજાવવામાં આવેલું હતું. તેના ગોળ ગુંબજો પર બત્તીઓના તોરણ લટકતા હતા. દિલ્હીની ભંગી કોલોનીમાં જ્યાં મહાત્મા ગાંધી ઘણીવાર રહેતા, ત્યાં લોકોને જે કદી જોવા મળતી નહીં તેવી એક અણમોલ ચીજ આજે જોવા મળી હતી. મ્યુનિસિપાલિટીએ તેમને દીવાઓ અને મીણબત્તીઓ આપી હતી. તેમનાં ગમગીન ઝૂંપડાઓમાં આઝાદી પર્વે આજે દીવા ઝબૂકતા હતા. સાયકલો, ટાંગા, મોટર, અરે ! હાથી

પર પણ સવારી કરતા લોકો ઉમટ્યા હતા. દિલ્હીની મધ્યમાં માનવમહેરામણ ઉલ્લાસથી જઈ રહ્યો હતો. કોનોટ પેલેસની રેસ્ટોરાં અને કોફી હાઉસમાં ચિક્કાર ભીડ જામી હતી. દિલ્હીના રાજકર્તાઓના મેળાવડા સમી ઈમ્પિયરીયલ હોટલમાં પણ ઉત્સાહઘેલા લોકોની ઠઠ જામી હતી. મધરાત પછી એક જણે 'બાર'માં લોકોને સમૂહમાં કવિવર ટાગોર રચિત રાષ્ટ્રગીત ગાવાનું સૂચન કર્યું. લોકોએ પણ આનંદથી એ વાત સ્વીકારી.

કાનપુર, મદ્રાસ, બેંગ્લોર, પટનામાં અને બીજા હજારો ગામડાં અને શહેરોમાં મધરાતે લોકો મંદિરમાં ગયા હતા અને પોતાના દેવીદેવતાઓને ગુલાબ ચઢાવીને નવા દેશ માટે આશીર્વાદ વાંચ્છયા હતા. બનારસમાં નારંગી, પીસ્તા અને દૂધના માવાની બનાવેલી ત્રણ રંગની મીઠાઈઓ વેચીને એક કંદોઈને ઠીક ઠીક તડાકો પડ્યો હતો.

પરંતુ મુંબઈ જેવી ઉજવણી દેશમાં બીજે ક્યાંય થઈ ન હતી. અનેક વખત લાઠીચાર્જથી ઉડેલા હિન્દવાસીઓના રૂધિરથી ખરડાયેલી મુંબઈની ફૂટપાથો, હડતાળ દેખાવો અને ચળવળના અનેક કાર્યક્રમોની સાખ પૂરતા રસ્તા પર લોકો આનંદવિભોર બની રાચતા હતા. મરીનડ્રાઇવના મહાલયોથી માંડીને પરેલની ઝૂંપડપટ્ટીના વિસ્તારો સુધી, મલબાર હિલ પર આવેલા આલિશાન મકાનોથી માંડીને તે ચોરબજાર સુધી મુંબઈ રંગબેરંગી લાઈટોથી સુશોભિત થઈને ઝળહળતું હતું. ચારેબાજુ ખુશીઓની આતશબાજી, જાણે દિપોત્સવીને પણ ભૂલાવી દે તેવાં અભૂતપૂર્વ દશ્યો જ જોઈ લો! સુરત નગરીમાં પણ લોકોનો આનંદ સોળે કળાએ ખીલ્યો હતો. ઘર આંગણે દીવા, આતશબાજીના રંગદર્શી કાર્યક્રમોથી સમગ્ર શહેર જ્યોતિર્મય લાગતું હતું.

અમદાવાદ શહેરમાં પણ આ નવા યુગની શરૂઆત દિપોત્સવીના પર્વને પણ ભૂલાવી દે તેવી રીતે થઈ. ૧૯૦ વર્ષની ગુલામીની જંજીરો તૂટતાં તમામ મિલોની વ્હીસલો, તમામ શહેરોની શેરીઓ, પોળો, મહોલ્લાઓ, મંદિરો, મસ્જિદો અને દેવળોએ ઘંટનાદ ગજાવીને શંખ અને બ્યૂગલો ફંકીને, નગારા, થાળીઓ વગાડીને, ઢોલ વગાડીને, રણશિંગા અને તૂરી ફૂંકીને, પખાજ, કાંસી જોડા (કરતાલ) રણકાવીને અને હર્ષનાદોના પોકારો કરીને આઝાદીને વધાવી હતી. અમદાવાદ કદી ન ભૂલે એવી એ મધરાત હતી. અને બાર વાગીને પાંચ મિનિટે રોશનીથી ઝળાહળાં થઈ રહેલી મ્યુનિસિપાલિટીના મકાન પર પ્રમુખશ્રી મણીલાલ ચતુરભાઈએ, મ્યુનિસિપાલિટીના સભ્યો, કર્મચારીઓ અને આમંત્રિતોની હાજરી વચ્ચે રાષ્ટ્રધ્વજ ફરકાવતાં ગગનભેદી પોકારો થયા હતા. ૧૯૪૨માં જે શિક્ષકને ગાંધી આશ્રમમાં ધ્વજ ફરકાવવા માટે સજા થઈ હતી તેમને જ ટાઉનહોલ પર રાષ્ટ્રધ્વજ લહેરાવવાનું સન્માન અપાયું.

શહેરના કારંજ પોલીસ સ્ટેશન, ત્રણ દરવાજા, જુમ્મા મસ્જિદ, પાનકોર નાકા,

રતનપોળ, મ્યુનિસિપાલિટી શાક માર્કેટ, પાંચ કૂવા, રેવડી બજાર, કાળુપુર દરવાજો, સરકારી ઈમારતો વગેરે સ્થળો રોશનીથી અલબેલા બન્યા હતા. ક્યાંક દેશ નેતાઓની છબીઓ, રાષ્ટ્રધ્વજનું ચિત્રણ, હિન્દ દેવીની પ્રતિમા વગેરે નજરે પડતાં. રાતના અગિયાર વાગ્યાથી મશાલ કૂચ કરતા અને સૂત્રો પોકારતા નીકળેલા મિલ મજૂરોનું દૃશ્ય અનુપમ લાગતું હતું. દરિયાપુર, જમાલપુર અને શાહીબાગમાં તો હાથી, ઘોડા, ઊંટ અને નિશાન ડંકા સાથે મશાલ કૂચો નીકળી હતી. પોળોના શણગારેલા દરવાજા, રસ્તાઓ પર ફક્ત રાષ્ટ્રધ્વજના ઝૂલતા તોરણો, રાષ્ટ્રધ્વજથી છલકાતી પોળો, આસોપાલવના તોરણો, ઘેરઘેર પ્રગટાવેલા તેલના કોડિયા, રંગોળી, સાથિયા કરી લોકોએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. ખાડિયાએ પાંચ શહીદો આપીને આ પર્વ ઉજવ્યું હતું, તો દેવીની પોળે લટકાવેલો અગિયાર મણનો ઘંટ જોવા લોકોની ઠઠ જામી હતી. જે પોલીસ ચોકીઓ પર નવ લોહિયા પથ્થરો મારતા હતા તેને જ આજે સ્વચ્છ કરી રોશની કરવામાં મશગૂલ હતા. શહેરમાં સાયકલ રેલી, મશાલ રેલી, શોભાયાત્રાઓ નીકળી હતી. દુકાનો મોડે સુધી ખુલ્લી રહી. કોઈ રાત્રે ઊંઘ્યું નહોતું. ત્રિરંગા યાત્રાથી તિરંગો માહોલ હતો. આખાય શહેરમાં લોકોએ લોકસભાનો નવો તિરંગી ધ્વજ ચડાવ્યો, ઘરો સુશોભિત કર્યા. જ્ઞાતિ, જાતિના ભેદભાવ વિના અમદાવાદ મહાનગરે આઝાદીના વધામણા ઉત્સાહપૂર્વક કર્યા. શેરીએ શેરીએ ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજન-કીર્તન, પ્રાર્થના, ગીતો, આરતી, પ્રવચન સમારોહ વગેરેનું આયોજન થયું. મંદિરો દીપમાળાઓથી ઝળહળી ઉઠ્યા. શહેરના મોટા મંદિરોમાં અન્નકૂટ ભરાયો. વિખ્યાત મંદિરોમાં દર્શાનાર્થીઓની ભીડ જામી. ગલીગલીમાં સ્વાતંત્ર્ય વધામણીના સ્વાગત ગીતો ગૂંજી રહ્યાં હતાં. ચંદ્રમાની સોળ કળાની જેમ મા ભારતીએ પણ સોળ શણગાર સજ્યા.

૧૫ મી ઑગસ્ટની વહેલી સવાર ''આઝાદ હિન્દ ઝિંદાબાદ''ના સૂત્રોથી શહેરના ખૂણેખૂણેથી નીકળેલી પ્રભાતફેરીઓના નાદથી થયો. સૌ કોઈ નવા વસ્ત્રો પહેરી, અશોકચક્રવાળા આઝાદ હિન્દના વાવટાઓ સાથે લાલ દરવાજાના મેદાનમાં ધ્વજવંદન માટે પહોંચી ગયા. જ્યાં હથિયારબંધ પોલીસો, સાદા ગણવેશધારી પોલીસો, હોમગાર્ડસના જવાનો, આઝાદ હિન્દ ફોજના સૈનિકોની હાજરીમાં સાડા આઠ વાગે નક્કી થયેલ સમયે ધ્વજની વ્હીસલ વાગતા એક લાખ હાથો એક સાથે ઊંચા થયા હતા. 'વંદે માતરમ્' અને 'ઝંડા ગીત' બાદ વિશાળ મેદની વચ્ચે શહેર સમિતિના પ્રમુખ ગુલામરસુલ કુરેશીએ લોકોના પ્રચંડ હર્ષનાદ અને બેન્ડની સલામી વચ્ચે ધ્વજ ફરકાવ્યો હતો. શહીદોના સ્મારકોને હજારો લોકોએ અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી અને 'જયહિન્દ'ના ગગનભેદી નારાથી આકાશ ગૂંજી ઊઠ્યું.

દેશ આઝાદ થયાને ૭૮ વર્ષ પૂર્ણ થવા છતાં પણ દિપોત્સવીને પણ ભૂલાવે એવા, દેશે કરેલા આઝાદીના વધામણાના દૃશ્યો જરૂરથી આપણા સ્પંદનો જગાવી જાય છે.

# પીડાતાંનો ને પીડાનો પોકાર

- જશવંત રાવલ

આજે ગુડફ્રાઈડે છે. આજથી ૧૬ વરસ પહેલાંના ગુડ ફ્રાઇડેએ જોસેફ મેકવાનની પ્રાર્થનાસભા હતી. (મૃત્યુ તા. ૨૮ માર્ચ, ૨૦૧૦). એ સ્મરણ ફેસબુકે કરાવ્યું ને જોસેફ ઝળક્યા મનોભૂમિ પર.

લખ્યું તે બધું વેંઢારેલી વેદનાનાં બયાન હતાં. મુખી-પટેલના હાથે પરોંણાનો માર ખાતાંના એમના બરડે ઉઠેલા સોળ કે તમાકુ ખળીઓમાં ચૂંથાતા અસ્રી દેહની સાથળ પરનાં રૂધિર ને લાચારી એ બધું એમના શબ્દો હતા. વેદના વિનાનો શબ્દ વંધ્ય હોય, જોસેફના શબ્દોમાં વેદના સિવાય કંઈ ન હતું, એટલે વ્હેરી નાખતું હતું. રચ નિષ્પત્તિ એટલે દુઝતા ઘા ને જામતા લોહી એ જોસેફનો સાહિત્ય વિચાર. સૂગાળવા સાહિત્યજ્ઞોને એ વિકાર પણ લાગ્યો છે ને એ કારણે જોસેફે ઉપેક્ષા પણ ભોગાવી છે. જો કે એને એ લમણે લખાયેલું દૈવ માનતા.

ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલે હલકી વરણનાં નાયક-નાયિકા મૂક્યાં ત્યારેય વરણાગિયું વિવેચન મોં મચકોડી ઊભેલું, એમ જોસેફે દલિતડાં (આ જોસેફનો શબ્દ છે) ને નવલ નાયક કીધાં એ ય એક નવ્ય હતું. એક આખી માનવ વસાહત ગામને છેવાડે ને સમાજના પાદર બહાર જીવતી હતી એને બદતરીનું બયાન જોસેફ લઈ આવ્યા. મૂવાં ઢોરની માટી જેની મિજલસ બનતી, માર જેનાં ઈનામ કે દહાડી રહેતાં, પોતાની સ્ત્રીઓ પરાયાંના હેઠળ રજોટાતી સ્તબ્ધ ડોળે દેખતા રહેતા ને દાઝ લાચારીમાં ઢબૂરાઈ જતી એવા સમુદાયમાંથી, સહાનુભૂતિથી નહીં પણ સમાનુભૂતિ કે સ્વાનુભૂતિ એમના લેખનનો આત્મા હતાં.

મૃત્યુના દિવસ પહેલાં આ ટેવ વશ જાણે મોતની વેદના અનુભવવા હોસ્પિટલને ખાટલે પડેલા જોસેફ જાણે ઉઠીને એ ય લખશે એવું લાગતું હતું પણ જાણે એ એક વેદના લખ્યા વિના એ ચાલ્યા ગયા. સૂટ બૂટ સાથે કોફીનમાં મૂકાયેલો દેહ જોઈને પ્રાર્થના સભામાં મનમાં બેઠા થયેલા જોસેફ (તેઓ કહેતા કે 'આ જોસેફ...') આજે અહીં ઉતરે છે.

તેઓ ચાલતા થયા. મૃત્યુની આંગળી ઝાલી અવલયાત્રાએ ચાલી ગયા. ત્યાં ય એ 'આંગળીયાત'થી જ ઓળખાવાના. આંગળિયાતે એમને ક્યાં ઓછા ખ્યાત બનાવ્યા'તા. છેલ્લા થોડા સમયથી એમના ગળે પટ્ટો રહેતો હતો. થોડા વખતથી એમ લાગતું કે

આ કોઈ યમપાશ એમના ગળે વિંટાયો છે, ને ભરડો મજબૂત થઈ રહ્યો છે. છેલ્લે મળવાનું, વાત કરવાનું થયું ત્યારે ય કોણ જાણે કેમ એવું લાગ્યું કે જોસેફ સંકેલાઈ રહ્યા છે. એમને પોતાને ય કદાચ લાગી રહ્યું હતું કે કશુંક છૂટી રહ્યું છે. છેલ્લે શબ્દ, વિચાર, વેધકતા અને આકલન એમને જાણે હાથતાળી આપી રહ્યાં હતાં. આને એ કળી ગયા હતા, જાણે. છેલ્લાં અઠવાડિયાનો એમનો સોરવાટ કંઈ અલગ હતો. છેલ્લે એક લેખ કરવો તો, પણ કંઈ માંડી નો'તા શકતા. જાણે તાનસેનને સૂર હાથતાળી આપી રહ્યા હતા.

જોસેફ અબળખાનો જીવ. એમના વ્યક્તિત્વમાં વામન-વિરાટનું અજીબ સંયોજન અથવા તો ગુંચવાડો ઊભો થયેલો હતો. તેઓ સમ-વિષય, દ્રુત-વિલંબિત ઉભય પર એક સાથે પહોંચવાની મથામણમાં વહેંચાયેલા રહ્યાનું મને કાયમ લાગ્યું છે. એ સાહિત્યકાર તરીકે કદાવર બનતા ગયા, એમ કર્મશીલ તરીકે ટૂંપાતા ગયા. પણ એ એમને માન્ય નો'તું થતું, એટલે એક અજીબ અજંપો ભોગવતા. લખ્યા માત્રથી દલિત ઉદ્ધાર થશે કે કેમ? લખવું છોડી માત્ર કુરુક્ષેત્રમાં ઉતરવાની એમને એષણા રહેતી. બખ્તર-શિરસ્ત્રાણા પહેરી, ભેટ બાંધ્યા પછી ય માત્ર રણજોધ્ધા બનવાનું તેમનાથી નો'તુ થઈ શકતું. એમના પાસે બે ય તાકાત હતી. સમર્થ સાહિત્યકાર થવાની, સમર્થ દલિત પક્ષકાર થવાની. બેમાંથી એકનું જ આહ્‌વાન જો થયું હોત તો... ને તે ય દલિત ઉદ્ધારક થવાનું તો, ગુજરાતને એક સાહિત્યકાર ઓછો મળત, પણ ગુજરાતને એક આંબેડકર જરૂર મળત. જેની વધુ જરૂર હતી. આમ કહેવામાં એકેય પક્ષે અતિશયોક્તિ કે અલ્પોક્તિ થાય એમ નથી. જોસેફ મેકવાનમાં દલિત દાઝ અને દાહ જબરજસ્ત હતાં. સાહિત્યિક લેખનમાં સ્વાનુભૂતિ જ આવશ્યક નથી હોતી. લેખક સમાનુભૂતિથી ય સ્વાનુભૂતિની આલમ રચે છે. સ્વાનુભૂતિમાં અંગારો અડ્યાની બળતર બોલે છે, સમાનુભૂતિમાં બળતરનું બયાન. જોસેફભાઈનાં લેખન સ્વાનુભૂતિ હતાં. જે બળકટ બની બહાર આવ્યું, સૌ સહૃદયીઓને દઝાડી રહ્યું તે એમની બળતર હતી. આ બળતર એક જોસેફ મેકવાનની નો'તી. એ દલિત સમગ્રમાં તદાકાર હતા એટલે સાગમટી હતી. ચંપાતાં સૌ હતાં, ચિત્કાર જાણે જોસેફ કરી રહ્યા હતા. વેદના સૌની હતી, ડુસકાં જાણે જોસેફનાં હતાં. એટલે જોસેફના શબ્દોનાં ચિત્કાર અને ડુસકાંએ ભલભલાંને હલાવ્યાં, હચમચાવ્યાં, જગાડ્યાં અને રડાવ્યાં ય ખરાં. એમના શબ્દમાં વેદનાનો વૈભવ હતો, ને એ વેદના વૈભવી ન હતી. અવળીઘાણીએ પીલાઈ રહેલાંના મોંઢે તો ડૂચા મારેલા હતા ને પીલનારાંના અટ્ટહાસ્યના કોલાહલ વચ્ચે, એમના સરવા કાને એ અપ્રગટ અવાજોને સાંભળ્યા. એ પીલાતાંના હૈયાના વલોપાતમાંથી જોસેફભાઈનાં શબ્દો, વાક્યો અને કથાનક

પ્રગટ્યાં. એમાં જે હાહાકાર હતો એ ‘કબિર હાય ગરીબ કી...’ વાળો હતો.

જોસેફભાઈને આ શબ્દો ફળ્યા. એ કોળ્યા ને મહોર્યા ય. પચ્ચાસમે એમનો પુણ્યપ્રકોપ બરાબર ભભૂકી રહ્યો હતો. આગળનું અનુસંધાન જોડીએ હવે. જોસેફભાઈને ઝીણવટથી જુઓ તો લાગે કે એમનામાં દલિત દાઝ હતી. દાઝ તો એ વખતે દલિત પેન્થર્સ ઈત્યાદીમાં પણ હતી. પરંતુ જોસેફભાઈમાં દલિતો, પીડિતો, વંચિતો અંગેનાં વ્યાપક સમજ અને સમર્થન પણ હતાં. માત્ર દાઝ નહીં, ચકમક ઘસી એમણે દલિત ચેતનાની ચીનગારી પણ પેટાવી હતી. દલિત સ્થિતિ અંગે બહુ પરિમાણીય દૃષ્ટિ પણ અને આકલન પણ તેમનાં હતાં. રાજકીય સમજ અને સભાનતા પણ જોસેફનાં લગીરે અધૂરાં ન હતાં. આ બધું બરાબર ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવું હતું. જોસેફભાઈને મળેલો સમય કદાચ ડૉ. આંબેડકર કરતાં વધુ સાનૂકૂળ અને ઓછા અંધારાવાળો હતો. પણ એ ત્રિભેટેથી જોસેફભાઈ સક્રિયતાની (Activisom) કેડીને બદલે સર્જન તરફ વળી ગયા. ભાઈ નિરવે કહ્યું હતું તેમ ‘દલિત સાહિત્યને એનો જોસેફદાદો તો મળ્યો, પણ દલિત સમુદાય પાસેથી એક ભીમદેવ અલોપ થઈ ગયો.’ બાકી આજે માથે મેલું ઢોતાં હજ્જારો દલિત ભાંડરું ન હોત, ન હોત એટ્રોસીટી એક્ટને આધારે સમાનમાં થવા મથતાં ઉપેક્ષિતો. જોસેફને પણ આ સાલતું. વચ્ચે વચ્ચે ગોલાણા જેવા પ્રસંગોએ એ તલવાર તાણતા, પણ એ Part time Activist અને Full time Novelist રહ્યા. શબ્દના જયકારાથી એમને આનંદ થતો, તો પેલા ચિત્કારો સાવ ન સમાવી શક્યાનો રંજ પણ કાયમ જ રહેતો. આ દ્વિધાભાવ ક્યારેક તેમને અપરાધબોધ પણ કરાવતો હશે. તેઓ વ્યક્તિત્વનાં આ બે પરિમાણોના ધમસાણ વલોણામાં વલોવાતા રહ્યા છે. ભલે તેમણે કોઈને પ્રગટ પણે કહ્યું હોય કે કોઈને ઈશારે ઇંગિત કર્યું હોય. પણ છેલ્લે છેલ્લે તેમની પીડાય કદાચ આજ હતી. બધું થંભ થયેલું ડહોળી નાખવાની, અનિષ્ટ હોય તેને સંહારી નાખવાની ધખના અને એવું ન કરી - થઈ શકવાની લાચારી એમને સોરવતી હતી. પંચોતેરમું આવીને ઊભું ત્યારે ઉપલબ્ધિઓની યાદી જોઈ હરખાતા તો બાકી એષણાઓનું ઓળીયું જોઈ ઓઝપાઈ ય જતા હશે. જોસેફ મેકવાન જવલ્લે જ ઘટતી ઘટના છે, પુનરાવર્તન પામતી નહીં.

જોસેફ મેકવાનના હાથમાં અને હૈયામાં પ્રભુ ઈસુની હથેળીમાં અને સીનામાં ઠોકાયેલા ખીલાની વેદના કાયમ હતી. એટલે એમના શબ્દોનું ડીએનએ ઈસુના લોહીનું હતું. દર્દ અને કરુણા, અને તેય સમાજમાં સબડતાં. માટે રાખનારે લાકડાના નહીં તો વેદનાના ક્રોસે તો ચઢવું જ પડે છે.. જોસેફભાઈ વેદનાના ક્રોસે જકડાયેલા ખરેખરા ખ્રિસ્ત હતા. ફ્રાઈડે કોઈ પણ સદી-સાલનો હો, જોસેફ જેવાઓને અંજલિ-અલવિદા કહેતાં એ જ વાર તે ગુડફ્રાઇડે.

# 'સામયિક સંવાદ' કાર્યક્રમ : PRASAR યોજનાનો પ્રારંભ

## (ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને મેગેઝિન ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે)

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને મૅગેઝિન ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત સામયિક સંવાદ ''પ્રસાર PRASAR (Periodical Resource Access & Scholarly Archive Repository)'' પરિચય કાર્યક્રમ તા. ૨૮/૬/૨૦૨૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના UHP હોલ ખાતે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેગેઝિન ક્લબ, અમદાવાદના પ્રમુખ શ્રી પી. કે. લહેરી ઉપસ્થિત રહ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ સામયિકોના પ્રકાશકશ્રીઓ, સંપાદકશ્રીઓ, તેમજ તંત્રીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૫૦થી વધુ પ્રકાશકો, તંત્રીઓ, સંપાદકો સહભાગી થયા હતા.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પ્રિન્ટ સ્વરૂપે પ્રકાશિત થતા સામયિકોના ડિજિટાઇઝેશન, ડિજિટલ સંરક્ષણ અને જ્ઞાનના વ્યાપક પ્રસાર માટે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વિકસાવવામાં આવેલી PRASAR (Periodical Resource Access & Scholarly Archive Repository) યોજનાનો પરિચય કરાવવાનો તેમજ ડિજિટાઇઝેશન ક્ષેત્રે શરૂ કરવામાં આવેલી કન્સલ્ટન્સી સેવાઓ વિશે માહિતી આપવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત શ્રી જગદીશભાઈ પરીખ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.

શ્રી ભીમજીભાઈ નાકરાણીએ મૅગેઝિન ક્લબ, અમદાવાદનો પરિચય આપી સંસ્થાની પ્રવૃત્તિઓ અને સામયિક ક્ષેત્રે તેના યોગદાન અંગે માહિતી આપી હતી.

ડૉ. પ્રદીપભાઈ પટેલ દ્વારા ગ્રંથાલયની સેવાઓ અને પ્રવૃત્તિઓનો વિશે પરિચય આપવામાં આવ્યો અને PRASAR યોજનાની માહિતી આપતું પ્રેઝેન્ટેશન આપવામાં આવ્યું. જેમાં આજના ડિજિટલ યુગમાં પ્રિન્ટ સામયિકોના સંરક્ષણની આવશ્યકતા, ગુજરાતી સામયિકોની વર્તમાન સ્થિતિ તથા ડિજિટાઇઝેશનની અનિવાર્યતા અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી.

ડૉ. વિરલ આસજોલા દ્વારા વિદ્યાપીઠ ત્રૈમાસિકનો લાઈવ ડેમો આપવામાં આવ્યો. PRASAR યોજનાની કાર્યપદ્ધતિ, સામયિકોના ડિજિટાઇઝેશનની પ્રક્રિયા, ડિજિટલ, આર્કાઇવિંગ, મેટાડેટા નિર્માણ તેમજ ડિજિટલ માધ્યમ દ્વારા સામયિકોને વાચકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી

રજૂ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તુતિ બાદ ઉપસ્થિત પ્રકાશકો અને સંપાદકો સાથે પ્રશ્નોત્તરી તથા સંવાદ સત્ર યોજાયું હતુ. જેમાં યોજનાના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિતોએ યોજનામાં રસ દાખવી પોતાના સૂચનો અને અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા.

મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરતાં માનનીય કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે જણાવ્યું કે જ્ઞાનનું સર્જન જેટલું મહત્ત્વનું છે, એટલું જ તેનું સંરક્ષણ અને વ્યાપક પ્રસાર પણ જરૂરી છે. તેમણે જણાવ્યું કે ગૂજરાત વિદ્યાપીઠ મહાત્મા ગાંધીજીના જ્ઞાન અને સમાજસેવાના આદર્શોને અનુસરીને સમયની જરૂરિયાત મુજબ સતત નવી પહેલ કરી રહ્યું છે. ડિજિટલ યુગમાં જ્ઞાનને વધુ સુલભ અને સુરક્ષિત બનાવવાની દિશામાં PRASAR યોજના મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી શ્રી પી. કે. લહેરીએ મૅગેઝીન ક્લબ, અમદાવાદની પ્રવૃત્તિઓ વિશે તથા ગુજરાતી સામયિકોની સમૃદ્ધ પરંપરા અને તેમના સંરક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના અનેક મૂલ્યવાન સામયિકો આજે પણ માત્ર પ્રિન્ટ સ્વરૂપમાં ઉપલબ્ધ હોવાથી તે સંશોધકો અને ભાવિ પેઢી સુધી સરળતાથી પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં ડિજિટાઇઝેશન માત્ર સમયની માંગ જ નહીં, પરંતુ જ્ઞાનવારસાના સંરક્ષણ માટેની જવાબદારી પણ છે.

કાર્યક્રમના સંવાદ સત્રમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ ગુજરાતી સામયિકોના ડિજિટાઇઝેશન, કૉપિરાઇટ, ડિજિટલ સંરક્ષણ, ઓપન ઍક્સેસ, ઇન્ડેક્સિંગ અને સંસ્થાઓ વચ્ચેના સહયોગ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યા. ઉપસ્થિત સૌએ PRASAR જેવી પહેલને વર્તમાન સમયની જરૂરિયાત ગણાવી અને ભવિષ્યમાં આ કાર્ય સાથે જોડાવાની તૈયારી દર્શાવી.

અંતમાં ડૉ. રંજન મકવાણાએ ઉપસ્થિત મહેમાનો, પ્રકાશકો, પ્રતિનિધિઓ તથા કાર્યક્રમના સફળ આયોજનમાં સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

સુશ્રી ગાયત્રી પ્રજાપતિ એ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. PRASAR માત્ર ગૂજરાત વિદ્યાપીઠની પહેલ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર ગુજરાતી જ્ઞાનજગત માટે ડિજિટલ સંરક્ષણ, શૈક્ષણિક સહયોગ અને વૈશ્વિક જ્ઞાનપ્રસારનું એક વિશ્વસનીય માધ્યમ બનશે. આ પહેલ દ્વારા ગુજરાતી જ્ઞાનવારસાનું સંરક્ષણ થશે, સંશોધનને નવી દિશા મળશે અને ભાવિ પેઢીઓ માટે અમૂલ્ય જ્ઞાનસંપદા સુરક્ષિત રહેશે.

(સહયોગ : ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રંથાલય અને મૅગેઝિન ક્લબ, અમદાવાદ)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**પૂરક પરીક્ષાનું પરિણામ**

**ધોરણ-૧૦નું ૩૩.૦૫, સાયન્સનું ૨૭.૩૬ અને સામાન્ય પ્રવાહનું ૬૦.૮૬ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું. જેમાં ધોરણ-૧૦નું ૩૩.૦૫ ટકા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૨૭.૩૬ ટકા અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું સૌથી વધુ ૬૦.૮૬ ટકા પરિણામ રહ્યું છે. આ પરિણામમાં છોકરીઓ છોકરાઓ કરતાં આગળ રહી છે. જ્યારે ૮૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપવા છતાં નાપાસ થયા છે. જો કે ૩૬૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષાના ફોર્મ ભરવા છતાં પરીક્ષામાં હાજર રહ્યા ન હતા.

**ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ**

| ગ્રુપ | હાજર | પાસ | ટકા |
|---|---|---|---|
| A | ૩૮૦૬ | ૧૨૨૯ | ૩૨.૨૯ |
| B | ૧૨૩૦૦ | ૩૧૮૦ | ૨૫.૮૫ |
| AB | ૧૪ | ૦૨ | ૧૪.૨૯ |
| કુલ | ૧૬૧૨૦ | ૪૪૧૧ | ૨૭.૩૬ |

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ**

| પ્રવાહ | હાજર | પાસ | ટકા |
|---|---|---|---|
| સા.પ્ર. | ૩૩૭૭૨ | ૨૦૫૪૨ | ૬૦.૮૩ |
| વ્યવ. પ્ર. | ૩૨ | ૨૧ | ૬૫.૬૩ |
| ઉ.ઉ.પ્ર. | ૧૪૦ | ૯૫ | ૬૭.૮૬ |
| કુલ | ૩૩૯૪૪ | ૨૦૬૫૮ | ૬૦.૮૬ |

**ધોરણ-૧૦નું પરિણામ**

| જાતિ | હાજર | પાસ | ટકા |
|---|---|---|---|
| છોકરા | ૬૧૬૧૮ | ૧૮૩૯૯ | ૨૯.૯૬ |
| છોકરીઓ | ૩૧૭૦૩ | ૧૨૪૪૬ | ૩૯.૨૬ |
| કુલ | ૯૩૩૨૧ | ૩૦૮૪૫ | ૩૩.૦૫ |

**ફરી પરીક્ષા આપનારા ૧૦૩૫૯ વિદ્યાર્થીઓમાંથી ૪૦૭૮ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની બેસ્ટ ઑફ ટુ - ની સ્કીમ અંતર્ગત ફરી પરીક્ષા આપનાર કુલ ૧૦૩૫૯ વિદ્યાર્થીઓમાંથી ૪૦૭૮ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું છે. જેમાં

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૩૬૩૨, સા.પ્ર.માં ૧૪૬ અને ધોરણ-૧૦માં ૩૦૦ વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો છે. આ સૌને બોર્ડ દ્વારા માર્ક સુધારા સાથેની નવી માર્કશીટ અપાશે.

**ગયા વર્ષ કરતાં ૫૬૦૦ વિદ્યાર્થીઓ વધુ પાસ થયા :**

ધોરણ-૧૦, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની આ વર્ષની પૂરક પરીક્ષામાં ગયા વર્ષની સરખામણીએ ૫૬૧૦ વિદ્યાર્થીઓ વધુ પાસ થયા છે. ગયા વર્ષે ધોરણ-૧૦માં ૨૫૯૨૯ પાસ થતા ૨૭.૬૧ ટકા, વિજ્ઞાનપ્રવાહમાં ૬૯૭૮ પાસ થતા ૪૧.૫૬ ટકા અને ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭૯૭૭ પાસ થતા ૫૧.૫૮ ટકા પરિણામ રહ્યું હતું.

**ધોરણ-૧૨ના પૂરક પાસ વિદ્યાર્થીઓ પણ PTC નું ફોર્મ ભરી શકશે :**

સરકારે ધોરણ-૧૨ના પૂરક પાસ વિદ્યાર્થીઓને પણ પીટીસીમાં પ્રવેશ માટે મંજૂરી આપી છે. આથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં પાસ થનારા વિદ્યાર્થીઓ પણ પીટીસી માટે ફોર્મ ભરી શકશે.

**ધોરણ-૧૦માં વોકેશનલ વિષય રાખનારા વિદ્યાર્થી માટે હવે ૮ (આઠ) વિષય ફરજિયાત :**

ગુજરાતમાં હાલ ધોરણ-૯-૧૦માં વોકેશનલ વિષય ભણાવતી સરકારી-ગ્રાન્ટેડ ૧૭૦૦થી વધુ શાળાઓ છે. હવે ૧૨૦૦ ખાનગી શાળાઓ પણ વોકેશનલ વિષય રાખનારી છે. ત્યારે ચાર હજારથી વધુ શાળાઓમાં ભણતા ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને આ વર્ષથી ધોરણ-૧૦માં ભાષાના વિકલ્પમાં વોકેશનલ વિષય રાખવાની તક નહિ મળે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૬-૨૭ના વર્ષથી લાગુ કરેલા ધોરણ-૧૦ના નવા વિષય માળખામાં ત્રીજી ભાષાના વિકલ્પમાંથી વોકેશનલ વિષયને દૂર કરીને આઠમા વિષય તરીકે સમાવ્યો છે. આમ વોકેશનલ વિષય રાખનારા વિદ્યાર્થીઓને ફરજિયાત આઠ વિષય ભણવાના રહેશે.

**હાલ ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષાની પરીક્ષા નહીં :**

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, CBSE (સીબીએસસી)એ પોતાની ત્રણ ભાષાઓની નીતિ અંગે નવો નિર્ણય લીધો છે. બોર્ડ દ્વારા જાહેર કરેલી નવી ગાઈડ લાઈન અનુસાર હાલ ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓને ત્રીજી ભાષાની પરીક્ષા આપવી પડશે નહિ. આ નિર્ણય પછી લાખો વિદ્યાર્થીઓને રાહત થઈ છે. ધોરણ-૭, ૮ અને ૯ના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં આવશે ત્યારે તેમને પણ ત્રીજી ભાષાની પરીક્ષા આપવાની રહેશે નહિ. જ્યારે હાલ ધોરણ-૬માં ભણતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં આવે ત્યારે ત્રણ ભાષાની પરીક્ષા આપવી પડશે.

**ધોરણ-૯ થી ૧૨ની શાળાઓમાં ગયા વર્ષના ૫૭૦૦ જ્ઞાન સહાયકોના કરાર રીન્યુ થયા :**

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ ગઈ છે અને સરકારી તેમજ ગ્રાન્ટેડની ધોરણ-૯ થી ૧૨ની શાળાઓમાં સરકારે ગયા વર્ષના જ્ઞાન સહાયકોની મુદતમાં વધારો કર્યો છે. ૫૭૦૦થી વધુ જ્ઞાન સહાયકોનો ૧૧ માસનો કરાર પૂર્ણ થઈ ગયો હતો. પરંતુ હવે નવા જ્ઞાન સહાયકો ન આવે ત્યાં સુધી તેમને ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારના શિક્ષણ વિભાગ હેઠળની કમિશ્નર ઑફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા અંદાજે ૫૭૦૦ જેટલા જ્ઞાન સહાયકોને રિન્યૂ કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરાયો છે.

**હાયર સેકન્ડરી ટાટમાં ૯૫ હજારથી વધુ નાપાસ માત્ર ૩૫ ટકા જ પરિણામ :**

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૧૨-૪-૨૦૨૬ના રોજ ટાટ હાયર સેકન્ડરી લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ૧૪૭૫૮૪ ઉમેદવારોમાંથી માત્ર ૫૧૯૭૧ પાસ થતાં માત્ર ૩૫ ટકા જેટલું પરિણામ રહ્યું છે. જ્યારે ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનારા માત્ર ૧૬૬૬ ઉમેદવારો છે. આ પરીક્ષામાં ૩૪૬૪૪ ઉમેદવારોને ૮૦ કે તેથી વધુ ગુણ અને ૨૦૮૯૩ ઉમેદવારોને ૯૦ કે તેથી વધુ ગુણ મળ્યા છે. ગુજરાતી માધ્યમમાં ૩૩૩૩૦, અંગ્રેજી માધ્યમમાં ૧૬૯૬ અને હિન્દી માધ્યમમાં ૨૦૯ ઉમેદવારો પાસ થયા છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં ૧૫૮૪, અંગ્રેજી માધ્યમમાં ૭૪ અને હિન્દી માધ્યમમાં ૮ આઠ ઉમેદવારોને ૧૨૦ કે તેથી વધુ ગુણ આવ્યા છે.

**ટૂંકાવીને...**

- સીએ ઈન્ટરમીડિએટનું ૮.૪૭ ટકા પરિણામ
- યુજીમાં ચોથુ વર્ષ ભણવા માટે વધુ ૧૫ સહિત ૮૦ કૉલેજોને મંજૂરી
- ગુજરાત યુનિવર્સિટી દ્વારા જીએસટી પરનો સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ સર્ટીફિકેટ કોર્સ વિદ્યાર્થી અન્ય ડિગ્રી કોર્સ સાથે પણ કરી શકશે. સીએ જીએસટી એક્સપર્ટ દ્વારા આ કોર્સ ભણાવાશે.

❀ ❀ ❀

**ઉત્તમ મનુષ્ય...**

જે બોલે છે ઓછું, કામ વધારે કરે છે

જે બીજાની નિંદામાં નહીં, વિકાસમાં મદદરૂપ થાય છે.

જેનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે છતાં પોતાના પ્રભાવથી બીજાને દબાવી દેતો નથી.

જે વિદ્યા મેળવે છે, બીજાને આપે છે અને સદાય વિદ્યા મેળવતો રહે છે.

જે પ્રત્યેક કાર્યમાં પ્રમાણિક છે, પ્રમાણિકતા માટે પ્રેરણારૂપ છે.

**- સંકલન : અશોક સોમપુરા**


❀ ❀ ❀

**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ MGUA અંતર્ગત શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. જેમાં બાળકો તેમજ આચાર્યશ્રીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા તે સમયની તસ્વીરો.**






**ડો. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો**












ઘરશાળા
ઓગષ્ટ-૨૦૨૬
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૨૫/-

**એ આવે છે મેહુલીયો...**

એ આવે છે મેહુલિયો આવે છે,
વાયુ સજલ વાત એ લાવે છે.
...એ આવે છે.

સાગર સાથ હોડ કરીને, દોટે તેને હંફાવે છે,
દક્ષિણ દિશના પર્વતરૂપી નાદે ગગન ગજાવે છે
...એ આવે છે.

સૂરજ ઢાંકે ચાંદો ઢાંકે, તારા સર્વ બુઝાવે છે,
વિજ મશાલ લઈને નિજ એ તિમિરે માર્ગ બનાવે છે.
...એ આવે છે.

ઝરમર ઝરમર વરસીને એ, માટીને મહેકાવે છે,
વરસીને ઝડીઓ સર સરિતા, ઝરણાંને બહેકાવે છે.
...એ આવે છે.

ડોલાવે દિલ વનવન કેરાં, કૈંક પહાડ હસાવે છે,
પુલકિત કરતો ધરતીને એ માનવ મન હરખાવે છે.
...એ આવે છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ મુદ્રક : મહેન્દ્રકુમાર મોહનલાલ ઠક્કર, ધર્મેશ પ્રિન્ટોરીયમ, એ-બ્લોક, રશિયન બેકરીની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪ દ્વારા છપાવી પ્રકાશિત કર્યું.